ગુરૂવાર, 25 ડિસેમ્બર, 2025પોષ સુદ પાંચમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## લોકશાહીમાં ન્યાયની મજાક: ખૂની અકસ્માતના આરોપી રક્ષિતને જામીન મળતા વડોદરા સ્તબ્ધ

વડોદરાના કારેલીબાગ હિટ-એન્ડ-રન કેસમાં ન્યાયની આશા રાખીને બેઠેલા પીડિત પરિવારોને ફરી એકવાર નિરાશા સાંપડી છે. નશામાં ચૂર થઈને 8 લોકોને ફૂટબોલની જેમ ફંગોળનાર રક્ષિત ચૌરસિયાને જામીન મળતા આખા શહેરમાં શાસક પક્ષ અને કાનૂન વ્યવસ્થા સામે રોષ ફાટી નીકળો છે. આ અકસ્માત માત્ર એક ભૂલ નહોતી, પણ નશાના કેફમાં કરાયેલું એક પાપ હતું, જેમાં હેમાલીબેનનું મોત થયું અને અનેક બાળકો આજે પણ ચાલી શકવાની સ્થિતિમાં નથી. પીડિત પરિવારના સભ્યો પૂછી રહ્યા છે કે શું આ બંધારણ માત્ર ગુનેગારોના માનવાધિકાર માટે જ છે? સત્તારૂઢ નેતાઓ જ્યારે નશાબંધીના કડક અમલના બણગા ફૂંકે છે, ત્યારે રક્ષિત જેવા 'ડ્રગ એડિક્ટ' લોકો કાયદાના છીંડાનો લાભ લઈને બહાર આવી જાય છે. દીપકભાઈ પટેલના જણાવ્યા મુજબ, હજુ ન્યાયની પ્રક્રિયા અધૂરી છે ત્યાં જ આરોપીનું છૂટવું તે અન્યાયની પરાકાષ્ઠા છે. અજીત કેવલાણીએ વેધક સવાલ કર્યો છે કે, સાત ઈજાગ્રસ્તો અને રઝળી પડેલા પરિવારો કાનૂન વ્યવસ્થાને કેમ નથી દેખાતા? સમાજમાં આવા તત્વોને મુક્ત કરવાથી અપરાધીઓનો ડર ખતમ થઈ રહ્યો છે. સરકારી વકીલો અને તપાસ એજન્સીઓની નબળી રજૂઆતના કારણે જ આવા ખૂની આરોપીઓ જલ્દી બહાર આવે છે. પીડિતોના સવાલ સત્તાધીશોના કાન સુધી પહોંચશે કે કેમ તે જોવાનું રહ્યું, પરંતુ આ ઘટનાએ સાબિત કર્યું છે કે સામાન્ય માણસ માટે ન્યાય મેળવવો અત્યંત કઠિન છે. શાસકોના રાજમાં હવે ગુનેગારો સુરક્ષિત અને સામાન્ય નાગરિક અસુરક્ષિત અનુભવી રહ્યો



## શાળાઓમાં ક્રિસમસની ઉજવણી અને રજાઓનો ઉગ્ર વિરોધ

શાળાઓમાં શિક્ષણને બદલે હવે ધાર્મિક એજન્ડાઓ ચલાવવામાં આવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે. ફેડરેશન ઓફ પેરેન્ટ્સ એસોસિએશન અને ભગવા સેનાએ રાજ્યના શિક્ષણમંત્રી અને જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી છે કે શાળાઓમાં ક્રિસમસ વેકેશન તત્કાલ રદ કરવામાં આવે. જે શાળાઓમાં બાળકોને ફરજિયાત સાન્તાક્લોઝ બનાવવામાં આવે છે, તે વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિને ઠેસ પહોંચાડવાનું કાર્ય છે.
સંગઠનના અધ્યક્ષ કમલ રાવલે આક્ષેપ કર્યો છે કે આ ઉજવણીઓ પાછળ ધર્માંતરણનું મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે. "જો ઉજવણી કરવી હોય તો ચર્ચમાં જઈને કરો, શાળાઓમાં હિન્દુ બાળકો પર આ કેમ થોપવામાં આવે છે?" તેવો સવાલ તેમણે ઉઠાવ્યો છે. વાલીઓની સંમતિ વિના કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિ કરાવવી એ અનૈતિક છે. જો તંત્ર આ બાબતે કડક પગલાં નહીં ભરે, તો ભગવા સેના મેદાને ઉતરીને આવી ઉજવણીઓ સ્વહસ્તે બંધ કરાવશે તેવી ચીમકી આપવામાં આવી છે.



### ક્રિસમસની ઉજવણીના ઓઠા હેઠળ ધર્માંતરણનું ષડયંત્ર? ભગવા સેના અને વાલી મંડળની શિક્ષણ વિભાગને આખરી ચીમકી

## સુરત: ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ₹1 લાખની લાંચ લેતા ઝડપાયા



સુરત મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારની મલાઈ ખાતા અધિકારીઓનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. મુગલીસરાઈ મુખ્ય કચેરીમાં જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વર પટેલ ₹1 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે. શાસક પક્ષ 'ઝીરો ટોલરન્સ'ની વાતો કરે છે, પણ હકીકતમાં પાલિકાના ભ્રષ્ટ અધિકારીઓ જનતાના ખિસ્સા કાતરી રહ્યા છે. હોટલની ફાયર NOC જેવી સુવિધા માટે પણ અધિકારીઓ લાખો રૂપિયા ખંખેરી રહ્યા છે, જે વહીવટની નિષ્ફળતા છે.

## વડોદરા: એન્જિનિયર વિશાલ પટેલે નાળિયેરના વેસ્ટમાંથી સર્જ્યો બિઝનેસ



### વડોદરાના એન્જિનિયરની 'વેસ્ટ ટુ વેલ્થ' સફર: નાળિયેરના કચરામાંથી ઇકો-ફ્રેન્ડલી સામ્રાજ્ય ઊભું કરી બન્યા આત્મનિર્ભર

વડોદરા: વડોદરાના ૩૩ વર્ષીય મિકેનિકલ એન્જિનિયર વિશાલ કાંતિલાલ પટેલે સાબિત કરી દીધું છે કે પર્યાવરણનું રક્ષણ અને વ્યવસાયિક સફળતા એકસાથે શક્ય છે. ૨૦૧૪ માં બી.ઈ. મિકેનિકલ કર્યા બાદ, ૨૦૧૬ માં તેમણે નાળિયેરના કૃષિ કચરાને નવીન ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવાનું સાહસ ખેડ્યું હતું. આજે વડોદરા નજીક સંકરડા ખાતે તેમનું યુનિટ 'કચરાથી કંચન' બનાવવાના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.
વિશાલ પટેલના જણાવ્યા મુજબ, મંદિરો અને ફૂડ કંપનીઓમાંથી નીકળતા નાળિયેરના કચરાને જોઈને તેમને કંઈક નવું કરવાનો વિચાર આવ્યો હતો. તેમણે સ્વયં મશીન ડિઝાઇન કર્યું અને આજે તેઓ કાથી ફાઇબર, કોકો પીટ, ઘર સજાવટના કુંડા અને પર્યાવરણીય ફર્નિચરનું ઉત્પાદન કરી રહ્યા છે. વાર્ષિક ૩૦ થી ૪૦ લાખની આવક મેળવતા વિશાલભાઈ ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પણ પોતાના મશીનો પૂરા પાડે છે.
આ પ્રોજેક્ટ સામાજિક રીતે પણ પ્રભાવશાળી છે. તેમના યુનિટમાં ૧૬ લોકોની ટીમ છે, જેમાં ૮ જેટલી મહિલાઓ સામેલ છે. આ સાહસ મહિલા સશક્તિકરણની દિશામાં મક્કમ ડગલું છે. શૂન્ય વેસ્ટેજ સુનિશ્ચિત કરવા માટે નાળિયેરનો પાવડર કૃષિ સંશોધન માટે પૂરો પાડવામાં આવે છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં પણ તેમની સેવાઓ લેવાઈ છે. વિશાલ પટેલની આ યાત્રા વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત' અને ટકાઉ વિકાસના સપનાને જમીની સ્તરે સાકાર કરી રહી છે, જે અન્ય યુવાનો માટે રોજગારી અને પર્યાવરણ જાગૃતિનો પ્રેરણાદાયી સ્ત્રોત છે.

## થલતેજ: સ્નેહાંજલિ સોસાયટીના 25 મકાનો પર ફર્યું બુલડોઝર

અમદાવાદના થલતેજ જેવા પોશ વિસ્તારમાં સ્નેહાંજલિ સોસાયટીના ૨૫ મકાનો પર બુલડોઝર ફેરવી દેવાની ઘટનાએ શાસક પક્ષની જનવિરોધી નીતિનો પર્દાફાશ કર્યો છે. એસ્ટેટ વિભાગની ટીમે ૨ હિટાચી અને ૨ જેસીબી સાથે ત્રાટકીને રહીશોના સપનાના આશિયાના તોડી પાડ્યા છે. આ તે કેવો વિકાસ કે જેમાં જનતાને પોતાની જ મિલકતમાંથી હાંકી કાઢવામાં આવે છે?
વર્ષોથી ચાલતા વિવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશને મધ્યસ્થી બનીને રહીશોને પૂરતો સમય આપવાને બદલે માત્ર ૨૩ ડિસેમ્બર સુધીની મહેતલ આપીને ત્વરિત ડિમોલિશન કર્યું. આ ઉતાવળ માત્ર ને માત્ર મૂળ માલિક એટલે કે બિલ્ડરને પ્લોટનો કબજો સોંપવા માટે કરવામાં આવી હોવાનું સ્પષ્ટ દેખાય છે. સ્થાનિકોએ ભારે હોબાળો કર્યો, આજીજી કરી પણ ભ્રષ્ટ વહીવટ આગળ કોઈનું કંઈ ચાલ્યું નહીં. રહીશોને શાસ્ત્રીનગરના મકાનોમાં મોકલીને સરકારે જાણે ઉપકાર કર્યો હોય તેમ વર્તી રહી છે, પરંતુ જેમના બે કરોડના મકાનો તોડી પાડવામાં આવ્યા છે તેમની વેદના કોણ સમજશે? પાણીના છંટકાવથી ધૂળ ભલે ન ઊડે, પણ સત્તાના નશામાં ચૂર શાસકોએ જનતાના વિશ્વાસની જે ધૂળ કાઢી છે તેનું શું? આ ઘટના સાબિત કરે છે કે અમદાવાદમાં હવે કાયદો માત્ર સામાન્ય માણસને દબાવવા માટે જ છે.



## સુરત: ઉદ્યોગપતિએ રસ્તા પર ફટાકડા ફોડી કાયદો તોડ્યો



સુરતના ઉદ્યોગપતિ દીપક ઇજારદારને પુત્રના જન્મદિને રસ્તા પર આતશબાજી કરી કાયદો તોડવો ભારે પડ્યો છે. જાહેર રસ્તા પર ટ્રાફિક જામ કરી અને વાહનચાલકોને ડરાવીને કરાયેલી આ ઉજવણી શાસક પક્ષના કાયદો-વ્યવસ્થાના દાવાઓની પોલ ખોલે છે. પૈસાના જોરે ગમે ત્યાં ઉજવણી કરવાની આ માનસિકતા સામાન્ય નાગરિકો માટે આફત બની રહી છે. જો વીડિયો વાયરલ ન થયો હોત, તો કદાચ તંત્ર ઊંઘતું જ રહ્યું હોત.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા: દિનુ મામાએ ખેડૂતોને કહ્યા વ્યસની, પાદરામાં ભારે આક્રોશ




વડોદરા જિલ્લામાં બરોડા ડેરીની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે પાદરાના દિનેશ પટેલ ઉર્ફે દિનુ મામાએ ફરી એકવાર ઝેર ઓક્યું છે. કરખડી ગામમાં આયોજિત ખેડૂત દિવસના કાર્યક્રમમાં, જ્યાં ખેડૂતોનું સન્માન થવું જોઈએ, ત્યાં ચેરમેન દિનેશ પટેલે ગંભીર આરોપ લગાવતા કહ્યું કે સભામાં બેઠેલા 80 ટકા લોકો વ્યસનીઓ છે. આ નિવેદને પાદરા પંથકના પશુપાલકોમાં ભારે આક્રોશ જન્માવ્યો છે.

દિનુ મામાએ સંતોના જ્ઞાનનો હવાલો આપીને ખેડૂતોની મજાક ઉડાવી હતી. વાસ્તવમાં આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બરોડા ડેરીના વહીવટ અને પશુપાલકોના હિતોને લઈને પહેલેથી જ વિવાદો ચાલી રહ્યા છે. શાસક પક્ષના નેતાઓની આ માનસિકતા દર્શાવે છે કે તેઓ જનતાને માત્ર મતોનું મશીન સમજે છે. 2022ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સામે અપક્ષ લડનાર દિનુ મામા અત્યારે ડેરીના ચેરમેન પદ પર બિરાજમાન છે, પરંતુ ખેડૂતો પ્રત્યેની તેમની ભાષા હવે હદ વટાવી રહી છે. ખેડૂતો પૂછી રહ્યા છે કે શું આ એ જ નેતાઓ નથી જે ચૂંટણી ટાણે રસ્તા પર ઉતરી આવે છે? 80 ટકા લોકોને વ્યસની કહીને તેમણે પરિવારોની ગરિમાને ઠેસ પહોંચાડી છે. 'મુખ મેં રામ ઔર બગલ મેં છુરી' વાળો તેમનો ટોણો વાસ્તવમાં તેમના પોતાના બેવડા માપદંડોને છતો કરે છે. સત્તાધારી પક્ષના આવા અહંકારી નેતાઓ જો ખેડૂતોનું સન્માન જાળવી શકતા ન હોય, તો તેમને નેતૃત્વ કરવાનો કોઈ અધિકાર નથી.

## SSG હોસ્પિટલમાં અદ્યતન બાયોકેમિસ્ટ્રી વિશ્લેષકનું લોકાર્પણ



વડોદરાની સયાજી હોસ્પિટલની લેબોરેટરી હવે વધુ આધુનિક બની છે. સુદ-કેમી કંપની દ્વારા દાનમાં આપવામાં આવેલા સંપૂર્ણ સ્વચાલિત બાયોકેમિસ્ટ્રી વિશ્લેષક 'TRANSASIA ERBA XL-640' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડો. રંજન ઐયરે આ સહયોગને આવકારતા જણાવ્યું કે, ઉદ્યોગોના સાથથી સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સંભાળનું સ્તર ઊંચું આવશે. આ મશીનથી જટિલ પરીક્ષણો ઝડપી અને સચોટ બનશે, જેનો સીધો લાભ સામાન્ય જનતાને મળશે.

## વડોદરા: ચાર દરવાજામાં દબાણોનો ભરડો અને હપ્તાખોરીનું શાસન



વડોદરાના ચાર દરવાજા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાનું નિકંદન નીકળી ગયું છે. લારીઓ અને પથારાવાળાઓએ સમગ્ર માર્ગોને બાનમાં લીધા છે, જેની પાછળ પાલિકાના શાસકો અને હપ્તાખોર તત્વોનું મસમોટું સામ્રાજ્ય ચાલી રહ્યું છે. ઐતિહાસિક સેન્ટ્રલ લાઇબ્રેરી અને બેંક ઓફ બરોડા જેવી ઈમારતો દબાણોથી ઘેરાયેલી છે, પણ સત્તાના નશામાં ચૂર નેતાઓ આંખ આડા કાન કરી રહ્યા છે. જનતા ટ્રાફિકમાં પીસાય છે અને શાસકોની તિજોરી હપ્તાથી ભરાય છે. આ 'સ્માર્ટ સિટી' ના નામે જનતા સાથે ક્રૂર મજાક છે.

## ટાઇપ-1 ડાયાબિટીસ પીડિત બાળકો માટે સરકારની મફત સારવાર




ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ટાઇપ-1 (જુવેનાઇલ) ડાયાબિટીસ ધરાવતા બાળકો માટે વિશેષ સારવાર કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ બાળકોને આજીવન મફત દવાઓ, ડાયગ્નોસિસ અને રેગ્યુલર ફોલો-અપ સુવિધા મળશે. વડોદરાની ગોત્રી GMERS હોસ્પિટલ ખાતે સુપરિન્ટેન્ડન્ટ ડો. અનુપ ચાંદનીની ઉપસ્થિતિમાં ૧૦ બાળકોને ઇન્સ્યુલિન અને ગ્લુકોમીટર સહિતની કિટ એનાયત કરવામાં આવી હતી. સરકારના આ સંવેદનશીલ અભિગમથી લાખો પરિવારોને આર્થિક બોજમાંથી મુક્તિ મળશે અને બાળકોનું ભવિષ્ય સુરક્ષિત બનશે.

## ISRL સિઝન-2: બિગરૉક મોટરસ્પોર્ટ્સ ચેમ્પિયન, સલમાન ખાન હાજર

વડોદરાના વીર પટેલના નેતૃત્વમાં આયોજિત ઇન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ (ISRL) સિઝન-2 નું કાલિકટ ખાતે ભવ્ય સમાપન થયું છે. 32,000 થી વધુ ચાહકોના પ્રચંડ પ્રતિસાદ વચ્ચે ટીમ બિગરૉક મોટરસ્પોર્ટ્સે ચેમ્પિયનશિપનો તાજ મેળવ્યો છે. આ ઇવેન્ટમાં મેગાસ્ટાર સલમાન ખાનની હાજરીએ આકર્ષણમાં વધારો કર્યો હતો.

રેસિંગના વિવિધ રાઉન્ડમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું કૌશલ્ય જોવા મળ્યું, જેમાં મેટ મોસ અને કેલ્વિન ફોનવિલે પોતાની કેટેગરીમાં પ્રભુત્વ મેળવ્યું હતું. સલમાન ખાને ISRL ને ભારતીય રાઇડર્સ માટે વિશ્વના શ્રેષ્ઠ રાઇડર્સ સાથે સ્પર્ધા કરવાનું ઉત્તમ પ્લેટફોર્મ ગણાવ્યું હતું. વીર પટેલે આ સફળતા અંગે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, પુણે અને હૈદરાબાદ બાદ કાલિકટમાં પણ ચાહકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. આ સિઝન દ્વારા અમે ભારતીય રાઇડર્સ માટે વિશ્વ-સ્તરીય રેસિંગના મજબૂત માર્ગો ખોલ્યા છે. આ ઐતિહાસિક ફિનાલે સાથે સિઝન-2 પૂર્ણ થઈ છે, જે ભારતીય મોટરસ્પોર્ટના ભવિષ્ય માટે એક માઈલસ્ટોન સાબિત થશે




## વિશ્વામિત્રી લાકડા ચોરી: તલસટના સરપંચને હોદ્દા પરથી દૂર કરાયા

વડોદરાના રાજકારણમાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિશ્વામિત્રી નદીના પટમાંથી લાકડા ચોરવા દેવામાં વડોદરા મહાનગર પાલિકા અને તલસટના સરપંચની મિલીભગત ખુલ્લી પડી છે. આ ગંભીર ગેરરીતિ બદલ જિલ્લા વિકાસ અધિકારી (DDO) મમતા હિરપરાએ તલસટના સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ આપી સત્તાના જોરે ચાલતા ભ્રષ્ટાચાર પર લગામ કસી છે.

તપાસમાં બહાર આવ્યું છે કે સરપંચે પાલિકાના અધિકારીઓ સાથે મળીને નદીના પટમાંથી મોટા પાયે લાકડાની ચોરી કરાવી હતી. આ ચોરી ત્યારે જ શક્ય બને જ્યારે સરકારી તંત્ર જ મંજૂરી આપે અથવા મોઢું ફેરવી લે. શાસક પક્ષના નેતાઓ વિકાસની વાતો કરે છે, પરંતુ તેમના જ પાયાના કાર્યકરો અને સરપંચો કુદરતી સંપત્તિ લૂંટવામાં મસ્ત છે. સરપંચને દૂર કરવાથી ભલે ન્યાય થયો હોય તેવું લાગે, પણ આ સમગ્ર કૌભાંડમાં પાલિકાના જે તે જવાબદાર અધિકારીઓ સામે પણ તપાસ થવી અનિવાર્ય છે. શું સત્તાધારી પક્ષ પોતાના આ ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓને બચાવવાનું બંધ કરશે? વિશ્વામિત્રીના રક્ષણ માટે મસમોટા બજેટ ફાળવવામાં આવે છે, પણ હકીકત એ છે કે તંત્ર જ નદીને ખોતરી રહ્યું છે. જનતાના પ્રતિનિધિ જ્યારે જનતાની મિલકત ચોરવા લાગે ત્યારે તંત્રની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગે છે.




## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત

અમદાવાદ થી વડોદરા જઈ રહેલા એક્સપ્રેસ હાઈ-વે પર પોઈચા ગામની સીમમાં એક ભયાનક હિટ એન્ડ રનની ઘટના બની છે. રસ્તાની બાજુમાં ઉભેલી લક્ઝરી બસને પાછળથી પૂરઝડપે આવતા ટ્રક ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર ટક્કરમાં બસ ડ્રાઈવર મોહમ્મદ જહગીરખાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે બસમાં સવાર અન્ય પાંચ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાની ટ્રક મૂકીને ફરાર થઈ ગયો છે. હાલમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જાહેરનામા ભંગ અને ટ્રાફિક અડચણના કિસ્સાઓ પ્રકાશમાં

શિનોર અને ડભોઈ પંથકમાં નિયમોના ઉલ્લંઘનના કિસ્સાઓ સામે આવ્યા છે. શિનોરના દિવેર ગામે ભુપેન્દ્રભાઈ પટેલે પોતાના મકાનમાં પરપ્રાંતિય વ્યક્તિને ભાડે રાખતા પૂર્વે વહીવટી તંત્રને જાણ ન કરી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કર્યો છે. બીજી તરફ, ડભોઈમાં જાહેર માર્ગો પર આડેધડ વાહન પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. પંકજભાઈ અને રિયાઝભાઈ નામના બે વ્યક્તિઓએ પોતાની ઓમની અને મોપેડ રસ્તા પર અડચણરૂપ રીતે પાર્ક કરતા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. નાગરિકોને નિયમોનું પાલન કરવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## નડિયાદ: મિશન રોડ મેથોડિસ્ટ ચર્ચમાં પ્રભુ ઈસુનો જન્મોત્સવ ઉજવાયો



નડિયાદના મિશન રોડ સ્થિત મેથોડિસ્ટ ચર્ચમાં પ્રભુ ઈસુના જન્મોત્સવ નાતાલની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ચર્ચને રોશનીથી શણગારી વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી સમાજના લોકો ઉમટી પડ્યા હતા અને પરસ્પર નાતાલની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઉન્નાવ બળાત્કાર કેસ: સેંગારને બેઈલ મળતા પીડિતાની ટિંગાટોળી

ઉન્નાવ બળાત્કાર કેસમાં ફરી એકવાર રાજકારણ અને સત્તાની ક્રૂરતા સામે આવી છે. યોગી સરકારના શાસનમાં મહિલા સુરક્ષાના દાવાઓની પોલ ખુલી ગઈ છે. બળાત્કારના આરોપી કુલદીપ સિંહ સેંગારને કોર્ટે જામીન આપતા પીડિતા ન્યાયની ભીખ માંગવા ઈન્ડિયા ગેટ પહોંચી હતી, પરંતુ ત્યાં તેને સહાનુભૂતિ મળવાને બદલે પોલીસનું દમન સહન કરવું પડ્યું. દિલ્હી પોલીસે ન્યાય માંગતી પીડિતાને રસ્તા પર ઢસડી અને તેની ટિંગાટોળી કરી, જે દ્રશ્યો જોઈને આખો દેશ શરમ અનુભવી રહ્યો છે.

આ કેસમાં શરૂઆતથી જ ભાજપના નેતાને બચાવવાના પ્રયાસો થયા હોવાના આક્ષેપો છે. પીડિતાના પિતાની જેલમાં હત્યા અને ત્યારબાદ થયેલા અકસ્માતો પછી પણ પીડિતા હારી નહોતી, પરંતુ હવે આરોપીને મળેલા જામીને તેની હિંમત તોડી નાખી છે. શું શાસક પક્ષના નેતા હોવું એ બળાત્કાર જેવા ગંભીર ગુનામાં રક્ષણ મેળવવાનું લાયસન્સ છે? પીડિતાની ચિચિયારીઓ ઈન્ડિયા ગેટ પર ગુંજી રહી હતી પણ સત્તાધીશોના કાન સુધી તે પહોંચી નથી. ગુનેગારને જામીન અને પીડિતાને જેલ જેવું વાતાવરણ એ વર્તમાન રાજકીય સ્થિતિની વરવી વાસ્તવિકતા છે. લોકશાહીમાં જ્યારે રક્ષક જ ભક્ષક બને અને ન્યાયતંત્ર સત્તાની ગુલામ લાગે ત્યારે જનતાનો વિશ્વાસ ઉઠી જાય છે.

### ઉન્નાવની દીકરીની લાચારી: બળાત્કારી નેતા સેંગારને જામીન મળતા ન્યાયના ધજાગરા, ઈન્ડિયા ગેટ પર પીડિતાની ટિંગાટોળી




## મકરપુરા GIDCમાં સતત ત્રીજી ચોરી: ઉદ્યોગકારો અસુરક્ષિત



વડોદરામાં કાયદો અને વ્યવસ્થા વેન્ટિલેટર પર છે. મકરપુરા GIDCમાં 'સ્ટિલ ફેબ્રીકેટેડ' કંપનીમાં 75 હજારની ચોરી સાથે ત્રીજી વાર તસ્કરોએ સત્તાધીશોને પડકાર ફેંક્યો છે. શાસક પક્ષના નેતાઓ મસમોટા ઉદ્યોગ સંમેલનોમાં વ્યસ્ત છે, જ્યારે નાના ઉદ્યોગકારો રાત્રે ફફડાટમાં જીવે છે. અગાઉ થયેલી લાખોની ચોરીના કિસ્સામાં પણ તંત્ર નિષ્ફળ રહ્યું છે. શું સરકાર ઉદ્યોગકારોની સુરક્ષા કરવાને બદલે માત્ર આંકડાબાજીમાં જ રસ ધરાવે છે?

## વડોદરા: ભાજપ કોર્પોરેટરની ભલામણથી પકડેલી ગાયો છોડી મુકાઈ



વડોદરામાં ‘લાગવગ’નું શાસન: રખડતા ઢોર પકડવાની કામગીરીમાં ભાજપના કોર્પોરેટર હરીશ પટેલ વિઘ્ન બન્યા છે. ઢોર પાર્ટીએ પકડેલી ગાયોને કોર્પોરેટરના એક ફોન પર અધિકારીઓએ મુક્ત કરી દીધી. ઓડિયો-વીડિયો પુરાવા હોવા છતાં તંત્ર મૌન છે. શાસકોને જનતાની સુરક્ષામાં નહીં પણ પોતાની વોટબેંક સાચવવામાં જ રસ છે તે આ ઘટનાથી સાબિત થાય છે.

## કરજણ: 185 બોરી સરકારી અનાજનું કૌભાંડ, 7.48 લાખનો માલ જપ્ત

કરજણના જુના બજાર વિસ્તારમાં 185 બોરી સરકારી અનાજ ભરેલો ટ્રક પકડાયો છે, જે પાદરાના સરકારી ગોડાઉનમાંથી ગેરકાયદે રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. 120 બોરી ચોખા અને 60 બોરી ઘઉંની આ હેરાફેરી શાસકોના 'પારદર્શક વહીવટ'ના લીરેલીરા ઉડાડે છે. જ્યારે ગરીબ માણસ રેશનિંગની દુકાને કલાકો સુધી ઉભો રહે છે, ત્યારે સરકારી ગોડાઉનમાંથી અનાજ બારોબાર વેપારીઓના ગોડાઉનમાં પહોંચી રહ્યું છે. રાજકીય નેતાઓ અને ભ્રષ્ટ અધિકારીઓની રહેમનજર વગર સરકારી ગોડાઉનમાંથી એક બોરી પણ બહાર નીકળી શકે નહીં. આ સરકારમાં ગરીબો માટેની યોજનાઓ માત્ર કાગળ પર છે, જ્યારે તેનો લાભ વચેટિયાઓ ઉઠાવી રહ્યા છે.



## વિઠ્ઠલ ઉદ્યોગનગરની કંપનીમાં ભીષણ આગ: મોટી જાનહાનિ ટળી

આણંદ નજીક વિઠ્ઠલ ઉદ્યોગનગર GIDCમાં આવેલી એક કાસ્ટિંગ હીટ ટ્રીટમેન્ટ કંપનીમાં આજે વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. કંપની પરિસરમાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે ધુમાડાના કાળા ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

ઘટનાની જાણ થતા જ કરમસદ અને આણંદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસની ટીમો તાત્કાલિક કાર્યરત થઈ હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની આગેવાનીમાં ફાયર ફાઇટરોએ પાણી અને કેમિકલ ફોર્મનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આગની આ ઘટના સમયે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કંપનીના મશીનરી અને સામાનને નુકસાન પહોંચ્યું છે.

## ચલાલા પાલિકા પ્રમુખનું રાજીનામું, ભાજપમાં જૂથવાદ વકર્યો

અમરેલી જિલ્લાના ચલાલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન વાળાના રાજીનામાએ ભાજપના આંતરિક વહીવટને ઉઘાડો પાડી દીધો છે. જે પાલિકામાં કોઈ વિપક્ષ જ નથી, ત્યાં જ ભાજપના સભ્યોએ પોતાના જ પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસનું વાતાવરણ ઉભું કર્યું તે શાસક પક્ષ માટે શરમજનક છે. આ રાજકીય ભૂકંપ પાછળ ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયાના વતનનો આંતરિક જૂથવાદ મુખ્ય કારણ મનાઈ રહ્યો છે.

ઘણા સમયથી ચલાલા પાલિકામાં પ્રમુખ અને બહુમતી સભ્યો વચ્ચે શીતયુદ્ધ ચાલી રહ્યું હતું. સભ્યોનો આરોપ હતો કે પ્રમુખ મનસ્વી રીતે નિર્ણયો લઈને લોકશાહીના મૂલ્યોને કચડી રહ્યા છે. વિકાસના કામોમાં અડચણો અને ભ્રષ્ટાચારની ગંધ વચ્ચે સભ્યોએ પ્રમુખને હટાવવા માટે દબાણ બનાવ્યું હતું. આખરે, હાર માનીને નયનાબેને કલેક્ટરને રાજીનામું સોંપ્યું છે. સત્તાધારી પક્ષના નેતાઓ આ વિખવાદને દબાવવા માટે "અંગત કારણો" ની વાતો કરી રહ્યા છે, પરંતુ ચલાલાની જનતા જાણે છે કે નેતાઓની અંદરોઅંદરની લડાઈમાં શહેરની સુખાકારી હોમાઈ ગઈ છે. ભાજપમાં ચાલતી સત્તાની આ હોડ હવે સાબિત કરે છે કે નેતાઓને જનસેવા નહીં પણ માત્ર ખુરશીમાં જ રસ છે. આ રાજીનામું અમરેલી ભાજપમાં હજુ મોટા ભડકા કરશે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**ભરૂચના પગુથણમાં ‘પ્રશાસન ગાંવ કી ઓર’ હેઠળ જનકલ્યાણનો સેતુ રચાયો; ૧૨ ગામોના લાભાર્થીઓને મળ્યો સીધો લાભ**

## રાજકોટ સિવિલમાં બેદરકારી: દર્દી કરતા સામાનને અપાઈ મહત્વ

રાજકોટ સિવિલ હોસ્પિટલના સત્તાધીશોની ઘોર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરોડોના બજેટની વાતો કરવામાં આવે છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ અત્યંત ગંભીર છે. હોસ્પિટલના નિયમ મુજબ દર્દી સાથે સર્વન્ટ હોવો જોઈએ, પરંતુ અહીં દર્દીના સગાઓ ધોમધખતા તાપમાં પોતે સ્ટ્રેચર ખેંચતા જોવા મળે છે.

ચોંકાવનારી વાત તો એ છે કે દાતાઓએ દર્દીઓની સુવિધા માટે જે રિક્ષાઓ આપી છે, તેનો ઉપયોગ હોસ્પિટલ તંત્ર માલ-સામાન અને કાર્ટન બોક્સ ફેરવવા માટે કરી રહ્યું છે. એક બાજુ રિક્ષામાં નિર્જીવ ખોખાઓ જાય છે, તો બીજી બાજુ ગંભીર હાલતના દર્દીઓ ખુલ્લા આકાશ નીચે સ્ટ્રેચર પર લાચાર બનીને સબડે છે. શું એસી ચેમ્બરમાં બેસીને વાહવાહી લૂંટતા સત્તાધીશોને આ દ્રશ્યો દેખાતા નથી? આ માત્ર વહીવટી ખામી નથી, પણ શાસક પક્ષની જનતા પ્રત્યેની સંવેદનહીનતાનું પ્રમાણ છે. જો કોઈ દર્દીનો જીવ જશે, તો શું આ અધિકારીઓ જવાબદારી લેશે?

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## લાખાજીરાજ રોડ: વેપારીઓના આક્રોશ સામે તંત્રએ હટાવ્યા દબાણ




રાજકોટના ઐતિહાસિક લાખાજીરાજ રોડ પર દબાણ માફિયાઓનો કબ્જો અને પાલિકાની હપ્તાખોરી સામે વેપારીઓએ આખરે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. વર્ષોથી આડેધડ ખડકાતા દબાણોને કારણે વેપારીઓના ધંધા ચોપટ થઈ ગયા છે અને ગ્રાહકો માટે ચાલવાની પણ જગ્યા રહી નથી. જ્યારે ધારાસભ્યો અને કમિશનર વચ્ચે બેઠક થઈ ત્યારે મોડે-મોડે દબાણ શાખા જાગી છે. આ કામચલાઉ ડ્રાઈવ માત્ર વેપારીઓના રોષને ઠારવાનો પ્રયાસ છે કે કાયમી ઉકેલ? શાસક પક્ષના વોટબેંકના રાજકારણને કારણે જ શહેરના મુખ્ય માર્ગો નરક સમાન બની ગયા છે.

## સાવરકુંડલા: વિદ્યાર્થીઓની પોલીસ સ્ટેશન મુલાકાત; SPC પ્રોજેક્ટ

સાવરકુંડલાના રૂરલ પોલીસ સ્ટેશન ખાતે આજે એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC) પ્રોજેક્ટ હેઠળ ગાધકડા પે સેન્ટર શાળાના ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આયોજિત આ પ્રોજેક્ટનો હેતુ બાળકોમાં નાનપણથી જ સામાજિક જવાબદારી અને કાયદાની સમજ કેળવવાનો છે.

પોલીસ સ્ટેશનમાં બાળકોનું સ્વાગત કરી તેમને વિવિધ વિભાગોની મુલાકાત કરાવાઈ હતી. ઓનલાઈન કામગીરી, પોલીસ ડાયરી અને ફરિયાદ નોંધવાની પદ્ધતિ વિશેની જાણકારી મેળવી બાળકો રોમાંચિત થયા હતા. આ ઉપરાંત, આધુનિક શસ્ત્રો અને વાયરલેસ સિસ્ટમ જોઈને વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષાઈ હતી. પોલીસ અધિકારીઓએ ખૂબ જ સરળ ભાષામાં ટ્રાફિકના નિયમો અને



સાયબર સુરક્ષાના પાઠ ભણાવ્યા હતા. વર્તમાન સરકારની આ દીર્ઘદ્રષ્ટિ છે કે પોલીસ માત્ર ગુનેગારો માટે જ કડક નથી, પણ બાળકો અને નિર્દોષ નાગરિકો માટે એક સાચો મિત્ર છે. આ મુલાકાતથી બાળકોમાં ખાખી પ્રત્યે આદર વધ્યો છે અને ઘણા વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં પોલીસ સેવામાં જોડાઈ દેશસેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શૈક્ષણિક અને સુરક્ષા ક્ષેત્રે સરકારનું આ સંયુક્ત મિશન સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. **રિપોર્ટ: હાર્દિક ચંદારાણા**

## રાજકોટમાં હનુમાન ચાલીસા યુવા કથા: 50 હજારનો ભંડારો

રાજકોટનું રેસકોર્સ મેદાન આગામી 27 જાન્યુઆરીથી 'જય હનુમાન'ના નાદથી ગુંજી ઉઠશે. સાળંગપુરધામના સંત શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના વ્યાસાસને 'શ્રી હનુમાન ચાલીસા યુવા કથા'નું ભવ્ય આયોજન કરાયું છે. આ મહોત્સવનો પ્રારંભ શનિવારે બપોરે 2 વાગ્યે વિરાણી હાઇસ્કૂલથી નીકળનારી ભવ્યાતિત પોથીયાત્રાથી થશે, જેમાં હાથી-ઘોડા અને સીદી ધમાલ ગ્રુપ આકર્ષણ જમાવશે.

કથાના મંડપમાં સાળંગપુર હનુમાનજી મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે. આ આયોજનનો મુખ્ય હેતુ યુવાનોમાં સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમ જાગૃત કરવાનો છે, જેના ભાગરૂપે કથાનો પ્રારંભ રાષ્ટ્રગીત અને પૂર્ણાહુતિ વંદે માતરમ્ સાથે થશે. ભક્તો માટે દરરોજ સાંજે 8:30 થી 11:30 દરમિયાન કથાનું રસપાન પીરસવામાં આવશે. ખાસ નોંધનીય છે કે, દરરોજ 50,000 થી વધુ શ્રોતાઓ માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્ટેજ પર ધર્મધ્વજ અને રાષ્ટ્રધ્વજની હાજરી ભક્તિ અને શક્તિનો અનોખો સંગમ રજૂ કરશે. 31મીએ હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## મધ્ય ગુજરાત જન આક્રોશ યાત્રા કોંગ્રેસ

### મધ્ય ગુજરાતમાં જન આક્રોશ યાત્રાનો પ્રચંડ વેગ: બોરસદથી અહીમા સુધી માનવ મહેરામણ ઉમટ્યું



### કોંગ્રેસની જન આક્રોશ યાત્રાના 5મા દિવસે આંકલાવમાં જનમેદની ઉમટી. અમિત ચાવડાએ બ્રિજ દુર્ઘટના અને MSP મુદ્દે સરકારને ઘેરી.

મધ્ય ગુજરાતમાં કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' હવે જન-આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહી છે. યાત્રાના પાંચમા દિવસે બોરસદથી શરૂ થયેલી આ કૂચ આંકલાવ, વાસદ અને ઓડ થઈને અહીમા પહોંચી હતી. આંકલાવની એ.પી.એમ.સી. ચોકડી ખાતે યોજાયેલી ભવ્ય જનસભામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડતા સમગ્ર વિસ્તાર કોંગ્રેસમય બન્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ગંભીરા બ્રિજની દુર્ઘટનાને યાદ કરી સરકાર પર માનવરચિત આપત્તિનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "જર્જરિત પુલ અંગે વારંવાર રજૂઆતો છતાં સરકારે ધ્યાન ન આપ્યું અને ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા." તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાતની ડબલ એન્જિન સરકાર ખેડૂતો અને પશુપાલકોના હિતમાં નિષ્ફળ રહી છે. હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ સરકાર દૂધ પર MSP આપી શકે છે, તો ગુજરાતમાં કેમ નહીં? તેમણે મહિસાગર નદીમાં થતા રેતીના ગેરકાયદે ખનન માટે સીધો ગાંધીનગર બેઠેલા નેતાઓને જવાબદાર ગણાવ્યા હતા.

કહાનવાડી ગામમાં ૨૩૭ વિઘા જમીન ગ્રામજનોની જાણ બહાર ઉદ્યોગપતિઓને પધરાવી દેવાના મુદ્દે અમિતભાઈએ સરકારને 'મૂડીવાદીઓની સરકાર' ગણાવી હતી. અહીમા ખાતે યોજાયેલા મહિલા સંવાદમાં તેમણે રાજ્યમાં કથળતી કાયદો અને વ્યવસ્થા, નશાખોરી અને મહિલાઓ પર વધતા અત્યાચાર સામે અવાજ ઉઠાવ્યો હતો.

વિધાનસભા વિપક્ષ નેતા ડૉ. તુષાર ચૌધરીએ આર્થિક મોરચે ભાજપને આડે હાથ લેતા જણાવ્યું કે, કોંગ્રેસના શાસનમાં ગેસનો બાટલો ₹૩૫૦માં મળતો હતો જે આજે ₹૧૨૦૦ સુધી પહોંચ્યો છે. ડોલર સામે રૂપિયો ગગડી રહ્યો છે અને સામાન્ય માણસ મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ રહ્યો છે.

આ યાત્રામાં રામકિશન ઓઝાજી, રાજેન્દ્રસિંહ પરમાર, ભીખાભાઈ રબારી અને લાખાભાઈ ભરવાડ સહિતના અનેક દિગ્ગજ નેતાઓ જોડાયા હતા. ઠેર-ઠેર થયેલું ભવ્ય સ્વાગત એ વાતની પ્રતીતિ કરાવે છે કે કોંગ્રેસની આ જન આક્રોશ યાત્રા આગામી સમયમાં શાસક પક્ષ માટે પડકારરૂપ સાબિત થશે. જનતાનો આ અભૂતપૂર્વ ઉત્સાહ ગુજરાતમાં નવા રાજકીય સમીકરણો તરફ ઈશારો કરી રહ્યો છે.

## વડોદરા: વારસીયામાં વાહનો સળગાવનાર વોન્ટેડ આરોપી ઝડપાયો

વડોદરાના વારસીયા વિસ્તારમાં મોડી રાત્રે જ્વલનશીલ પદાર્થ વડે ગાડીઓ સળગાવવાની ઘટનાએ શાસક પક્ષની નિષ્ફળતા છતી કરી છે. સાંઈબાબા નગરમાં આતંક મચાવી નાસી છૂટેલો આરોપી વિશાલ ઉર્ફે ગોંધળી પવાર આખરે ઝડપાયો છે. શહેરના હાર્દ સમાન વિસ્તારોમાં પણ જો નાગરિકોની ગાડીઓ સુરક્ષિત ન હોય, તો સ્માર્ટ સિટીના બણગા શું કામના? રાજકીય આકાઓના આશીર્વાદ અને નબળા વહીવટને કારણે જ આવા તત્વો નિર્દોષ લોકોની મિલકતોને નુકસાન પહોંચાડવાની હિંમત કરે છે. જનતાના પરસેવાની કમાણી રાખમાં ફેરવાય ત્યારે જ તંત્ર જાગે છે.




## વડોદરા: પોક્સો કેસમાં 6 વર્ષે નરાધમ સુરેશને થઈ 5 વર્ષની કેદ

વડોદરાના છાણીમાં માસૂમ બાળકી સાથે છેડછાડ અને અપહરણ કરનાર સુરેશ વાસફોડિયાને કોર્ટે સજા ફટકારી છે. જોકે, 2019ના ગુનામાં 2025માં ચુકાદો આવે તે શાસકોની 'ફાસ્ટ ટ્રેક' ન્યાયની વાતો પર સવાલ ઉભા કરે છે. ગુનેગારો બેફામ છે કારણ કે તેમને ખબર છે કે સજા થવામાં વર્ષો નીકળી જશે. સરકાર 'કન્વીકશન રેટ' સુધારવાના પ્રોજેક્ટ્સ લાવે છે, પણ વાસ્તવમાં દીકરીઓ આજે પણ સુરક્ષિત નથી. માત્ર જેલની સજા પૂરતી નથી, આવી ઘટનાઓ બને જ નહીં તેવું વાતાવરણ બનાવવામાં શાસક પક્ષ સદંતર નિષ્ફળ રહ્યો છે.




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભરૂચ: ₹40 કરોડના પંચાયત નિર્માણમાં વિલંબ, શાસકો નિષ્ફળ

ભરૂચ જિલ્લામાં ગ્રામીણ સ્તરે વહીવટી વ્યવસ્થા પડી ભાંગી છે. વર્ષોથી જર્જરિત હાલતમાં રહેલી પંચાયતોના નવીનીકરણ માટે 166 ઇમારતોની મંજૂરી મળી છે, પરંતુ શાસકોની દાનત સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. ટેન્ડર પ્રક્રિયા પૂરી થયા પછી પણ માત્ર 60 ગ્રામ પંચાયતોને વર્ક ઓર્ડર આપીને બાકીના ગામોને રામભરોસે છોડી દેવામાં આવ્યા છે.

કુલ ₹39.99 કરોડના આ માતબર ખર્ચમાં 10 એજન્સીઓને જે રીતે કામ વહેંચવામાં આવ્યું છે, તેમાં પણ પારદર્શિતાનો અભાવ દેખાઈ રહ્યો છે. શાસક પક્ષના મળતિયા કોન્ટ્રાક્ટરોને ફાયદો કરાવવાની લાયમાં પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ થઈ રહ્યો હોય તેવું લાગે છે. જ્યારે પંચાયતોની હાલત ખખડધજ છે, ત્યારે નવી પંચાયતોના નિર્માણમાં વિલંબ એ ગુનાહિત બેદરકારી છે.

જિલ્લા પંચાયતના શાસકો માત્ર ચૂંટણી લક્ષી જાહેરાતોમાં વ્યસ્ત છે, જ્યારે ગામડાની જનતાને પાયાની સુવિધાઓ માટે ટળવળવું પડે છે. 60 પંચાયતોના કામો ક્યારે પૂરા થશે અને બાકીની 106 ક્યારે શરૂ થશે, તેની કોઈ જ સમયમર્યાદા તંત્ર પાસે નથી. ભરૂચ જિલ્લાનો ગ્રામીણ વિકાસ ભ્રષ્ટાચાર અને રાજકીય લડાઈની ભેટ ચઢી ગયો છે, જે આ સરકારની વહીવટી નિષ્ફળતાનું વરવું ઉદાહરણ છે.




**ભરૂચમાં ₹40 કરોડનું પંચાયત કૌભાંડ? કાગળ પર 166 પંચાયત, વાસ્તવમાં ઠનઠનપાલ!**

## મહુવા: ૧૮૧ અભયમ્ ટીમે દારૂડિયા પતિને સુધારી કરાવ્યું સમાધાન

મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં એક આદર્શ સામાજિક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇનની સતર્કતાને કારણે એક પરિવાર તૂટતા બચ્યો છે. પીડિતાના જણાવ્યા મુજબ, લગ્નજીવનના વર્ષો અને બે સંતાનો હોવા છતાં તેનો પતિ દારૂના નશામાં સતત હેરાન કરતો હતો. મહિલા સશક્તિકરણના સરકારના અભિયાન હેઠળ કાર્યરત ૧૮૧ની ટીમે આ મામલે મધ્યસ્થી કરી હતી.

૧૮૧ ટીમની ઓઆરસી વૈશાલી સરવૈયા અને તેમની ટીમે ઘટનાસ્થળે જઈને પતિને કાયદાકીય જોગવાઈઓ અને પારિવારિક જવાબદારીઓનું ભાન કરાવ્યું હતું. રાજ્ય સરકારની આ યોજના માત્ર ગુનેગારોને સજા અપાવવા પૂરતી સીમિત નથી, પરંતુ પરિવારોને જોડવાનું કાર્ય પણ કરે છે. ટીમના સમજાવ્યા બાદ પતિએ દારૂની બદી છોડવા અને પત્ની પર હાથ ન ઉપાડવાની લેખિત ખાતરી આપી માફી માંગી હતી.

આ સફળ સમાધાનથી પીડિતામાં નવો આત્મવિશ્વાસ જાગ્યો છે. સરકારની આ 'અભયમ્' સેવાએ પુરવાર કર્યું છે કે મુશ્કેલીના સમયે મહિલાઓ માટે એક ફોન કોલ જ પૂરતો છે. લોકશાહીમાં જ્યારે શાસન જનતાની પડખે ઊભું રહે છે, ત્યારે મહુવા જેવા કિસ્સાઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## ઇડરમાં રહેણાંક જમીન પર હોસ્પિટલોના અતિક્રમણ સામે નોટિસ

સાબરકાંઠાના ઇડરમાં જમીન વપરાશના નિયમોનો સરેઆમ ભંગ થતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જવાનપુરા ગ્રામ પંચાયત સમયમાં રહેણાંક હેતુ માટે ફાળવાયેલી જમીન પર આજે મોટી ખાનગી હોસ્પિટલો, એક્સ-રે મશીનો અને લેબોરેટરીઓ ધમધમી રહી છે. શાસક પક્ષના મળતિયાઓએ રહેણાંકના પ્લોટમાં કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવી કરોડોની કમાણી કરી છે, જ્યારે કાયદો જોતો રહી ગયો છે.

હવે જ્યારે વિરોધ વધ્યો છે, ત્યારે નગરપાલિકાએ ૨૭ જેટલા લોકોને નોટિસ ફટકારી હેતુફેર કરવાની સૂચના આપી છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે આટલા વર્ષો સુધી આ ગેરકાયદેસર બાંધકામો તંત્રની નજર બહાર કેમ રહ્યા? શું સત્તામાં બેઠેલા નેતાઓના ખિસ્સા ગરમ કરવામાં આવ્યા હતા? ઇડર બસ સ્ટેશન જેવા ધમધમતા વિસ્તારમાં રહેણાંકના પ્લોટ પર હોસ્પિટલોનું જંગલ ઉભું કરવું એ વહીવટી તંત્રની ઘોર નિષ્ફળતા છે. પ્રજા હવે માંગ કરી રહી છે કે માત્ર નોટિસ નહીં, પણ જવાબદારો સામે કડક કાર્યવાહી કરી આ 'કોમર્શિયલ દૂષણ' દૂર કરવામાં આવે. **રિપોર્ટ : જનક જાદવ**



## જિલ્લાના વિવિધ માર્ગો પર નશાખોર વાહનચાલકો ઝડપાયા

વડોદરા જિલ્લાના વિવિધ માર્ગો પર સુરક્ષાને ધ્યાને રાખીને હાથ ધરાયેલા સઘન ચેકિંગ દરમિયાન નશાની હાલતમાં વાહન ચલાવતા અનેક શખ્સો ઝડપાયા છે. વરણામા અને ડેસરમાં સૌથી વધુ ૧૬-૧૬ કેસો નોંધાયા છે, જ્યારે મંજુસરમાં ૧૫, તથા પાદરા, ભાદરવા અને ચાણોદ પંથકમાં ૧૪-૧૪ ચાલકો નશામાં ધૂત મળી આવ્યા હતા. શિનોરમાં પણ ૮ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

ઝડપાયેલા ઈસમોમાં પ્રકાશભાઈ ભીલ, કેતનકુમાર ઝવેરી, ભાવેશભાઈ વસાવા અને પ્રિતેશભાઈ સોલંકી સહિતના શખ્સો સામે મોટર વાહન અધિનિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. નશો કરીને વાહન ચલાવવાની આ પ્રવૃત્તિ જાહેર જનતાના જીવ માટે જોખમ ઊભું કરતી હોવાથી તંત્ર દ્વારા આ આકરી ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

## સોલાપુરા શાળામાં ભ્રષ્ટાચાર: સ્લેબમાંથી પોપડા પડતા રોષ

આણંદ તાલુકાના સોલાપુરામાં નિર્માણાધીન પ્રાથમિક શાળાના બિલ્ડીંગમાં ભ્રષ્ટાચારના પોપડા ઉખડતા સરકારી તંત્રની પોલ ખુલી ગઈ છે. જે બિલ્ડીંગ બાળકોને સુરક્ષિત શિક્ષણ આપવા માટે બનાવવામાં આવી રહ્યું છે, તે નિર્માણ અવસ્થામાં જ જર્જરિત થઈ રહ્યું છે. પ્રથમ માળનો સ્લેબ ભરાયા બાદ પ્લેટો ઉખાડતા જ સિમેન્ટના પોપડા પડવા લાગ્યા છે અને સળિયા દેખાતા થયા છે.

સ્થાનિક આગેવાનોનો આક્ષેપ છે કે ટેન્ડરના નિયમોને નેવે મૂકીને અત્યંત હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાયું છે. સ્થાનિક હરીસિંહ ગોહેલે જણાવ્યું કે અનેક રજૂઆતો છતાં વહીવટી તંત્રના બહેરા કાને કોઈ અવાજ પહોંચતો નથી. શાસક પક્ષના રાજમાં શિક્ષણના ધામમાં પણ જો આ રીતે મલાઈ ખાવામાં આવતી હોય, તો સામાન્ય પ્રજાના બાળકો ક્યાં જશે? 80 થી વધુ વિદ્યાર્થીઓના જીવના જોખમે કોન્ટ્રાક્ટરોને આર્થિક ફાયદો કરાવતી આ વ્યવસ્થા સામે ગ્રામજનોમાં ભારે આક્રોશ છે.



## ઇડર તાલુકા પંચાયત બેઠક: ₹6 કરોડના વિકાસલક્ષી કામોને મંજૂરી

ઇડર તાલુકા પંચાયત કચેરી ખાતે આજે વિકાસના એજન્ડા સાથે એ.ટી.વી.ટી.ની બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ કલેક્ટર અને તાલુકા વિકાસ અધિકારીની ટેકનિકલ માર્ગદર્શન અને તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલના વડપણ હેઠળ યોજાયેલી આ બેઠકમાં સરકારના લોકાભિમુખ શાસનની ઝલક જોવા મળી હતી.

બેઠકમાં રજૂ થયેલા વિવિધ દરખાસ્તો પર ગંભીરતાપૂર્વક વિચાર-વિમર્શ કર્યા બાદ, ઇડર તાલુકાના વિકાસ માટે ₹6 કરોડના કામોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી. આ વિકાસલક્ષી કામોમાં પેવર બ્લોક, રસ્તાના કામો, ગટર વ્યવસ્થા અને સામુદાયિક હોલ જેવા પ્રજાલક્ષી કામોનો સમાવેશ થાય છે. પ્રમુખ કાંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે, "અમારો લક્ષ્ય છે કે સરકારની એક-એક પાઈનો ઉપયોગ પ્રજાના હિતમાં અને તાલુકાના આધુનિકીકરણ માટે થાય."

આર્થિક ફાળવણીના આ નિર્ણયને કારણે તાલુકાના નાના ગામડાઓમાં વિકાસની નવી લહેર જોવા મળશે. વહીવટી પારદર્શિતા અને રાજકીય ઈચ્છાશક્તિના સંગમ સમાન આ બેઠકે સાબિત કર્યું છે કે વર્તમાન શાસન જનતાના પાયાના પ્રશ્નો ઉકેલવા માટે કટિબદ્ધ છે. આગામી દિવસોમાં આ કામોના અમલીકરણથી ઇડર તાલુકાના અર્થતંત્ર અને જીવનધોરણમાં મોટો ફેરફાર આવશે. **રિપોર્ટ : જનક જાદવ**

**ઇડર તાલુકા પંચાયત ખાતે કાંતિભાઈ પટેલની અધ્યક્ષતામાં એ.ટી.વી.ટી. બેઠક યોજાઈ. ₹6 કરોડના વિકાસના કામોને અપાઈ મંજૂરી.**



## રાજકોટ સમરસ હોસ્ટેલ: જીવાતવાળું ભોજન અને ભ્રષ્ટ વહીવટ

રાજકોટની સમરસ કુમાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સ્થિતિ અત્યંત દયનીય છે. કૌભાંડી કોન્ટ્રાક્ટરો અને ભ્રષ્ટ અધિકારીઓના કારણે અહીં ભોજનમાં જીવાત નીકળવી સામાન્ય બની ગઈ છે. શિંગતેલને બદલે હલકી કક્ષાના 'ડીસ્કો તેલ' માં બનતું ભોજન અને રબ્બર જેવી રોટલી ખાવાને બદલે વિદ્યાર્થીઓ વેફર ખાઈને સુવા મજબૂર છે. તંત્રની લાપરવાહી એટલી હદે છે કે 8-9 માળની બિલ્ડિંગમાં લિફ્ટ બંધ છે અને પીવાના પાણીના ફિલ્ટર ધૂળ ખાય છે.

જ્યારે વિદ્યાર્થીઓએ કોંગ્રેસ નેતા રોહિતસિંહ રાજપૂતની આગેવાનીમાં હલ્લાબોલ કર્યો, ત્યારે તંત્રએ જૂના કોન્ટ્રાક્ટર પર દોષ ઢોળીને પલ્લું છોડાવવાનો પ્રયાસ કર્યો. આરોગ્ય વિભાગે ગંદકી માટે નોટિસ આપીને સંતોષ માન્યો છે. સવાલ એ છે કે શું વાઈબ્રન્ટ સમિટના મહેમાનોને આવું જીવાતવાળું ભોજન પીરસવાની હિંમત સરકાર કરશે? ગરીબ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને ભણતર સાથે ખિલવાડ કરતી આ સરકારને જનતા ક્યારેય માફ નહીં કરે. જો ત્વરિત સુધારો નહીં આવે તો આગામી સમયમાં મંત્રીઓના ઘેરાવની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## મેસવાણમાં દારૂબંધીના લીરેલીરા, તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ

ગુજરાતમાં નશાબંધી માત્ર કાગળ પર રહી ગઈ હોય તેવો નજારો કેશોદના મેસવાણ ગામમાં જોવા મળી રહ્યો છે. ગામની શેરીઓમાં દારૂની ખાલી બોટલો અને કોથળીઓના ઢગલા શાસક પક્ષના "ડ્રાય સ્ટેટ" ના દાવાઓની પોલ ખોલી રહ્યા છે. જાગૃત નાગરિકોની વારંવારની લેખિત રજૂઆતો છતાં વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં છે, જે રાજકીય આશીર્વાદ વગર અશક્ય છે. યુવા પેઢી નશાના રવાડે ચઢી રહી છે અને પરિવારો બરબાદ થઈ રહ્યા છે. જો તંત્ર હજુ પણ નહીં જાગે તો જનતાના રોષનો ભોગ બનવું પડશે.

**રિપોર્ટ : હરેશ ભરડા**



## અરવલ્લી બચાવો: ઇડર ગઢ અને પૌરાણિક ડુંગરો પર ખનનનું જોખમ

ગુજરાત અને રાજસ્થાનની જીવાદોરી સમાન અરવલ્લીની ગિરિમાળાઓ હવે લોભિયા શાસકો અને ખનન માફિયાઓના ભ્રષ્ટાચારની ભેટ ચઢવા જઈ રહી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા 100 મીટરથી ઓછી ઊંચાઈના ડુંગરોને ખનન માટે મંજૂરી આપતા ચુકાદાએ સમગ્ર પંથકમાં ભય અને રોષનો માહોલ પેદા કર્યો છે. આ નિર્ણયથી રામાયણ અને મહાભારત કાળના સાક્ષી એવા પૌરાણિક પર્વતોનો વિનાશ નક્કી છે. સાબરકાંઠાનો ગૌરવશાળી ઇડર ગઢ, જ્યાં અમિતાભ બચ્ચન અને ઉપેન્દ્ર ત્રિવેદી જેવા સ્ટાર્સે ફિલ્મોનું શૂટિંગ કર્યું છે, તે હવે ખનન માફિયાઓની જીભ નીચે છે. પોળો ફોરેસ્ટ જેવા કુદરતી સૌંદર્યના ધામ અને શામળાજી જેવા પવિત્ર યાત્રાધામો પર પણ સંકટના વાદળો ઘેરાયા છે. વિજયનગરના પહાડો છેક રાજસ્થાનના ડુંગરપુર સુધી લંબાયેલા છે, અને ત્યાંના રાજકીય આગેવાનોએ પણ આ વિનાશક નીતિનો વિરોધ કર્યો છે.




ગયા પછી ટ્રાફિક વચ્ચે ધરાશાયી થયો હોત તો જવાબદાર કોણ હોત? શાસક પક્ષ માત્ર વિકાસની મોટી વાતો કરે છે, પણ હકીકતમાં આ કુદરતી સંપદાને માફિયાઓને વેચી રહી છે. જો આ ડુંગરો નહીં રહે, તો આવનારી પેઢીઓ માત્ર પુસ્તકોમાં જ ગઢ અને પર્વતોના ઇતિહાસ વાંચશે, નજરો સામે કશું જ બચશે નહીં. વિજયનગરથી શરૂ થયેલું આ આંદોલન હવે સમગ્ર ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં પ્રસરી રહ્યું છે. જનતાએ માંગ કરી છે કે આ નિર્ણયમાં તાત્કાલિક ફેરબદલ કરવામાં આવે, નહીંતર સત્તાધીશોએ મોટા જનઆંદોલનનો સામનો કરવો પડશે.

## દ્વારકામાં એશિયા બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડ 2025 સંપન્ન

દ્વારકાના પવિત્ર મનાતા ક્ષેત્રમાં આવેલ અમેઝિંગ ફન વર્લ્ડ રિસોર્ટ ખાતે એશિયાના સૌથી મોટા ટુરિઝમ એવોર્ડ્સ (Asia's Biggest Tourism Awards 2025) નું ભવ્ય આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં પર્યટન ઉદ્યોગ સાથે જોડાયેલા દેશ-વિદેશના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ‘બેસ્ટ થીમ પાર્ક ઇન ગુજરાત’ અને ‘બેસ્ટ યુનિક પ્રોપર્ટી ઇન ગુજરાત’ જેવા મહત્વના એવોર્ડ્સ એનાયત કરી શ્રેષ્ઠ કામગીરીનું સન્માન કરાયું હતું.

આ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત કરનાર તમામ સંસ્થાઓને ગઢડાના ઢસા રોડ સ્થિત માહીરાજ રિસોર્ટના સંચાલક હિતેશભાઈ છૈયાએ હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. હિતેશભાઈએ આ પ્રસંગે મહત્વનું નિવેદન આપતા જણાવ્યું કે, “ગુજરાતનું પ્રવાસન હવે વિશ્વ કક્ષાએ પોતાની છાપ છોડી રહ્યું છે. જ્યારે આપણી સંસ્થાઓને આવા મોટા મંચ પર સન્માન મળે છે ત્યારે તેનાથી અન્ય હોસ્પિટાલિટી અને ટુરીઝમ સાથે જોડાયેલા



ઉદ્યોગકારોને પણ પ્રેરણા મળે છે.” તેમણે વધુમાં ઉમેર્યું હતું કે પ્રવાસન ક્ષેત્રનો વિકાસ રાજ્યના આર્થિક વિકાસમાં કરોડરજ્જુ સમાન છે અને આવા ગૌરવશાળી આયોજનોથી ગુજરાતના પ્રવાસનને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. ગઢડાના માહીરાજ રિસોર્ટ દ્વારા આ સિદ્ધિને હોસ્પિટાલિટી ક્ષેત્રના સુવર્ણ યુગની શરૂઆત ગણાવવામાં આવી છે.

**રિપોર્ટર, મનસુખ વાળા**

## ખંભાત બેંક કૌભાંડ: બે અધિકારીઓને 5 વર્ષની જેલની સજા

ખંભાતની 'ધી કેમ્બે હિન્દુ મર્ચન્ટ બેંક'માં કરોડોની ઉચાપત કરનાર પૂર્વ એકાઉન્ટન્ટ દિલીપ શાહ અને લોન ઓફિસર જયેશ શાહને 5-5 વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે. વર્ષ 2003 થી 2006 દરમિયાન ખોટી નોંધો અને સગા-સંબંધીઓના ખાતા દ્વારા લાખો રૂપિયા ગળી જનારા આ ભ્રષ્ટાચારીઓએ જનતા સાથે દગો કર્યો છે. સહકારી ક્ષેત્રમાં ફૂલેલા-ફાલેલા આવા આર્થિક ગુનેગારોને કારણે મધ્યમ વર્ગની બચતો જોખમમાં મુકાઈ છે. શું આ શાસકોના રાજમાં સામાન્ય માણસની મૂડી ક્યારેય સુરક્ષિત રહેશે?

## જૂનાગઢ જેલ: MLA પર આક્ષેપ કરનાર આરોપીનું મોત

જૂનાગઢ જેલમાંથી આવેલા સમાચાર લોકશાહી અને ન્યાયતંત્ર માટે ચિંતાજનક છે. ઉનાના ધારાસભ્ય પર દારૂના વેપલાના સનસનાટીભર્યા આક્ષેપ કરનાર ગુજસીટોકના આરોપીનું હાર્ટ એટેકથી મોત થયું છે. સત્તાધારી પક્ષના નેતા સામે અવાજ ઉઠાવનાર વ્યક્તિને જેલમાં જે રીતે સારવાર મળી અને તેનું મોત થયું, તે શાસક પક્ષની નિષ્ફળતા અને વહીવટી તંત્રની પક્ષપાતી નીતિ દર્શાવે છે.

રાજ્યમાં જ્યારે દારૂબંધીના નામે માત્ર નાટકો થતા હોય, ત્યારે ધારાસભ્ય પર આરોપ લગાવનાર આરોપીનું જેલવાસ દરમિયાન મોત થવું એ તંત્રની કામગીરી સામે લાલબત્તી સમાન છે. શું સરકાર આ મામલે નિષ્પક્ષ તપાસ કરવાની હિંમત બતાવશે? કે પછી હાર્ટ એટેકના બહાને નેતાઓ પરના દારૂના આરોપો પર કાયમી પડદો પાડી દેવામાં આવશે?

જેલમાં કેદીઓની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહેલું તંત્ર સામાન્ય જનતાને શું સુરક્ષા આપશે? આ ઘટનાએ ગુજરાતમાં 'સત્તા સામે અવાજ' ઉઠાવનારાઓ માટે ભયનો માહોલ પેદા કર્યો છે. **રિપોર્ટ આશિષ વસાવડા**

**જૂનાગઢ જેલમાં MLA પર દારૂના આક્ષેપ કરનાર ગુજસીટોક આરોપીનું હાર્ટ એટેકથી મોત. રાજકીય ષડયંત્રની આશંકા અને તંત્રની નિષ્ફળતા.**



## ભાવનગર: 7 બુટલેગરો જેલભેગા, દારૂબંધીની પોલ ખુલી

ભાવનગર જિલ્લામાં અસામાજિક તત્વો અને બુટલેગરોએ જાણે શાસન પર પકડ જમાવી લીધી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ઇંગ્લીશ દારૂની હેરાફેરી અને મારામારી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા 7 શખ્સોને રાજ્યની અલગ-અલગ જેલોમાં મોકલવાની ફરજ પડી છે. આ ધરપકડ એ વાતની સાક્ષી પૂરે છે કે ભાવનગરમાં ગુનેગારોને કોઈનો ડર રહ્યો નથી.

સવાલ એ થાય છે કે જ્યારે રાજ્યમાં વર્ષોથી દારૂબંધી અમલમાં છે, ત્યારે આ બુટલેગરો આટલા માથાભારે કેવી રીતે બન્યા? શું સ્થાનિક રાજકારણીઓની રહેમનજર હેઠળ આ કાળો કારોબાર ચાલી રહ્યો હતો? તળાજા, વરતેજ અને ગંગાજળીયા વિસ્તારમાં નટુભાઈ મકવાણા અને અજય ચૌહાણ જેવા ઈસમોનું સક્રિય હોવું એ તંત્રની ઘોર નિષ્ક્રિયતા છે. સત્તાધારી પક્ષ માત્ર ચૂંટણી સમયે સુરક્ષાની વાતો કરે છે, પણ જમીની હકીકત એ છે કે ભાવનગરના યુવાધનને નશાના માર્ગે ધકેલનારાઓ હજુ પણ છૂટા હાથે ફરી રહ્યા છે. પાસા હેઠળની આ કાર્યવાહી માત્ર ઉપરછલ્લો પ્રયાસ છે. અસલી મગરમચ્છો તો હજુ પણ એસી ચેમ્બરોમાં બેસીને આ વ્યવસાયનું સંચાલન કરી રહ્યા છે. જ્યાં સુધી દારૂના સપ્લાયની ચેઈન અને તેને મળતા રાજકીય આશીર્વાદ બંધ નહીં થાય, ત્યાં સુધી ભાવનગરની જનતા સુરક્ષિત નથી.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




## અંકલેશ્વર: પુત્રએ પિતાના ઘરમાં ₹20 લાખની ઘરફોડ ચોરી કરી

અંકલેશ્વરના પારસીવાડ વિસ્તારમાં રહેતા રુસ્તમજી વિમાદલાલના ઘરમાં થયેલી ₹19.80 લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો છે, જે સમાજ માટે આઘાતજનક છે. ચોરીનો મુખ્ય સૂત્રધાર ફરિયાદીનો પોતાનો પુત્ર ફરઝાન જ નીકળ્યો છે. મોજશોખ પૂરા કરવા માટે પુત્રએ કોલેજના મિત્ર સાથે મળીને પિતાના જ પરસેવાની કમાણી પર હાથ સાફ કર્યો.

રાજકીય નેતાઓ જે 'આદર્શ સમાજ'ની વાતો કરે છે, તેની વાસ્તવિકતા આ કિસ્સામાં છતી થાય છે. યુવાનોમાં વધી રહેલી ગુનાખોરી અને ટૂંકા રસ્તે અમીર બનવાની લાલસાએ પારિવારિક સંબંધોને ઠેબે ચઢાવ્યા છે. સંસ્કારોની મોટી વાતો કરતું શાસન યુવા પેઢીને સાચી દિશા આપવામાં સદંતર નિષ્ફળ રહ્યું છે. જ્યારે પરિવારમાં જ સુરક્ષા ન હોય, ત્યારે રાજ્યની કાયદો-વ્યવસ્થા પર સવાલ ઉઠવો સ્વાભાવિક છે.

**રિપોર્ટ : કેતન મહેતા**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## અમદાવાદ: વિપુલભાઈ પટેલની હાજરીમાં બહેરામપુરાના આગેવાનો AAPમાં

**રિપોર્ટ : પવન રાઠોડ** અમદાવાદ મહાનગરપાલિકાના બહેરામપુરા વોર્ડમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. પશ્ચિમ લોકસભા પ્રભારી વિપુલભાઈ પટેલની આગેવાનીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં વિવિધ સમાજના પ્રભાવશાળી આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેમાં મુખ્યત્વે મકસુદ મલિક હુસૈનભાઇ, કુરેશી જમાતના બરકત અલી કુરેશી, સામાજિક આગેવાન ઇમરાન ભાઈ અને રંગરેજ સમાજના આગેવાન ચાંદ ભાઈ રંગરેજનો સમાવેશ થાય છે.

આ તમામ અગ્રણીઓ પોતાના વિશાળ મિત્ર વર્તુળ અને ટેકેદારો સાથે પક્ષમાં જોડાયા હતા. વિપુલભાઈ પટેલે આ તમામનું પક્ષનો ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું. આ જોડાણ બાદ આગેવાનોએ જણાવ્યું હતું કે, જનતાના પાયાના પ્રશ્નો અને પરિવર્તનની રાજનીતિથી પ્રેરાઈને તેઓ 'આપ'માં જોડાયા છે. બહેરામપુરાના સ્થાનિક સમીકરણોમાં વિવિધ જ્ઞાતિના આગેવાનોના જોડાણથી આમ આદમી પાર્ટીને મોટું પીઠબળ મળ્યું છે, જે આગામી ચૂંટણીઓમાં મહત્વનું સાબિત થઈ શકે છે.

**અમદાવાદ: પશ્ચિમ લોકસભા બેઠક હેઠળ 'આપ'નો ભરતી મેળો, બહેરામપુરાના અનેક અગ્રણીઓ પક્ષમાં જોડાયા**



## ભરૂચ: નેત્રંગ ગ્રામ પંચાયતની ગ્રામસભામાં વિકાસના મુદ્દે ચર્ચા

ભરૂચના નેત્રંગ તાલુકાના ગ્રામ પંચાયત સંકુલ ખાતે આજે લોકશાહીના પાયા સમાન 'ગ્રામસભા'નું આયોજન થયું હતું. આ સભામાં નેત્રંગ ગામના વિકાસના ભાવિ આયોજન અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ગામના આગેવાનો, સામાજિક કાર્યકરો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સભા દરમિયાન પંચાયત દ્વારા હાથ ધરાયેલા જૂના કામોની સમીક્ષા કરવામાં આવી હતી અને નવા વર્ષ માટેના વિકાસ લક્ષ્યાંકો નક્કી કરાયા હતા. વિશેષ કરીને, ગામના આંતરિક રસ્તાઓનું નવીનીકરણ, સ્વચ્છતા અભિયાન અને જળ સંચય જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગ્રામજનોએ રજૂઆત કરી હતી કે કોઈપણ વિકાસકાર્ય શરૂ કરતા પહેલા સ્થાનિકોની જરૂરિયાત અને હિતને સર્વોપરી રાખવામાં આવે. આગેવાનોએ ગ્રામજનોને આશ્વાસન આપ્યું હતું કે નેત્રંગ પંચાયત પારદર્શિતા સાથે કાર્ય કરશે અને દરેક યોજનાનો લાભ લાયક લાભાર્થીઓને મળે તે સુનિશ્ચિત કરવામાં આવશે. ગ્રામસભાના અંતે લોકશાહીના મૂલ્યોને મજબૂત કરવા અને ગામને આદર્શ બનાવવા માટે સામૂહિક સંકલ્પ લેવાયો હતો. વિકાસની આ પ્રક્રિયામાં ગ્રામજનોના સહકારને અનિવાર્ય ગણાવ્યો હતો.

**રિપોર્ટર: ભાવેશ વસાવા, નેત્રંગ**



## પાલીતાણા શત્રુંજય પર્વત વિસ્તારના પ્રવાસીઓ માટે મહત્વપૂર્ણ માહિતી

**વન વિભાગના જણાવ્યા અનુસાર, આશરે 18 સિંહોનો એક પરિવાર શત્રુંજય પર્વત અને આસપાસના વિસ્તારોમાં ફરે છે.**

બધા યાત્રાળુઓ અને પ્રવાસીઓને સાવચેતી રાખવા અને નીચે આપેલી સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

🦁 (1) કોઈપણ રીતે સિંહોને હેરાન કરવાનો કે ઉશ્કેરવાનો પ્રયાસ કરશો નહીં.

🦯 (2) મુસાફરી દરમિયાન તમારી સાથે લાકડી રાખો, અને રાત્રે મુસાફરી કરતી વખતે ટોર્ચ રાખો.

🚫 (3) કોઈપણ સંજોગોમાં જંગલના રસ્તાઓ પરથી મુસાફરી કરશો નહીં.

⚠️ (4) જો સિંહ રસ્તા પર દેખાય અથવા દૂર ન જાય, તો તેને જાતે ભગાડવાનો પ્રયાસ કરશો નહીં, તાત્કાલિક વન વિભાગનો સંપર્ક કરો.

📵 (5) સિંહના વીડિયો કે ફોટોગ્રાફ લેવાનો પ્રયાસ કરશો નહીં, તેના બદલે સલામત સ્થળે આશ્રય લો.

🌞 (6) ફક્ત દિવસ દરમિયાન મુસાફરી કરો, જ્યારે દૃશ્યતા ઓછામાં ઓછી 30 મીટર હોય.

🛏️ (૭) ખુલ્લામાં રોકાવાનું કે સૂવાનું ટાળો.

📞 **વન વિભાગના અધિકારીઓનો સંપર્ક કરો:**

વન રક્ષક: ૯૪૦૮૮૮૭૯૯૯,9408887999

વન રક્ષક (તલેથી બીટ): ૯૭૨૫૮૦૯૭૦૮,9725809708

વન રક્ષક (આદાપુર બીટ): ૮૭૫૮૩૫૮૭૩૮,8758358738

વન રક્ષક (જીવાપુર બીટ): ૭૨૦૨૦૭૭૧૮૩,7202077183

🙏 **તમારી સલામતી સર્વોપરી છે. કૃપા કરીને વન વિભાગ અને સ્થાનિક વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરો અને સુચના અનુસરો**

## બોડેલી: શેઠ યુ. ટી. કાપિડયા લો કોલેજમાં LL.M. સેન્ટરનું લોકાર્પણ



છોટાઉદેપુર જિલ્લાના વિદ્યાર્થીઓને કાયદાના ઉચ્ચ અભ્યાસ માટે હવે બહાર જવાની જરૂર નહીં રહે. બોડેલી સ્થિત શેઠ યુ. ટી. કાપિડયા લો કોલેજ ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંચાલિત જિલ્લાનું સૌપ્રથમ LL.M. (માસ્ટર ઓફ લો) પીજી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. શૈક્ષણિક વર્ષ 2025-26 થી શરૂ થયેલા આ કેન્દ્રનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરિભાઈ કાતરિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સ્થાનિક સ્તરે માસ્ટર ડિગ્રીની સુવિધા મળવાથી કાયદાકીય જ્ઞાનમાં ગુણાત્મક વધારો થશે. તેમણે વિદ્યાર્થીઓને પ્રગતિ કરવાની શીખ આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. એચ. એમ. કોરાટે સ્વાગત પ્રવચન કરી કુલપતિશ્રીનો પરિચય આપ્યો હતો. આ ઐતિહાસિક અવસરે પ્રિન્સિપાલ શ્વેતાબેન પટેલ, ટ્રસ્ટીઓ કામાક્ષીબેન, ઘનશ્યામસિંહ વાંસદિયા અને પ્રદીપસિંહ મહારાઉલજી સહિત શૈક્ષણિક સ્ટાફ હાજર રહ્યો હતો. આ સેન્ટરથી જિલ્લાના કાયદાકીય શિક્ષણને નવો વેગ મળશે.

**રિપોર્ટ : સંજયસિંહ રણા છોટાઉદેપુર**

## આમોદ: એસ.ટી. બસોમાં ઘેટાં-બકરાની જેમ મુસાફરી કરતા લોકો



આમોદથી ભરૂચ જતી એસ.ટી. બસોમાં મુસાફરોની સ્થિતિ ઘેટાં-બકરા જેવી થઈ ગઈ છે. જંબુસરથી બસો ભરાઈને આવતી હોવાથી આમોદના વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને બસમાં પ્રવેશવું મુશ્કેલ બન્યું છે. ભાજપના ગઢ ગણાતા આ વિસ્તારમાં જનતાએ પંચાયતથી ધારાસભા સુધી વોટ આપ્યા, પણ બદલામાં મળી માત્ર જોખમી મુસાફરી અને તૂટેલા રસ્તા. મહિલા મુસાફરોની ગરિમા જોખમાય તેવી ધક્કામુક્કી વચ્ચે પણ તંત્ર મૌન છે. શું સરકાર કોઈ વિદ્યાર્થીનો જીવ જાય તેની રાહ જોઈ રહી છે? જનતામાં હવે પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે.

## સાંસદ ખેલ મહોત્સવમાં સ્વામી વિવેકાનંદ કોલેજની સફળતા



સાંસદ ખેલ મહોત્સવ અંતર્ગત યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં સ્વામી વિવેકાનંદ કોલેજના ખેલાડીઓએ મેદાન માર્યું છે. એથ્લેટિક્સ વિભાગમાં ભાઈઓ અને બહેનોએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જ્યારે નારગેલ સ્પર્ધામાં અંડર-19 અને ઓપન ગ્રુપની બંને ટીમોએ જિલ્લામાં બીજો ક્રમ મેળવ્યો છે. આ ઉપરાંત વોલીબોલ, ખો-ખો અને કબડ્ડી સ્પર્ધામાં પણ કોલેજની બહેનોની ટીમે શાનદાર રમત રમી ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે. આ ભવ્ય સિદ્ધિ બદલ કોલેજના ટ્રસ્ટી મંડળ અને પ્રિન્સિપાલ દ્વારા વિજેતા ખેલાડીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## કપડવંજ કોર્ટ: પોષડોડા કેસમાં આરોપીઓને 14 વર્ષની કેદ



રાજ્યમાં નશાબંધીના કાયદાના લીરેલીરા ઉડી રહ્યા છે. અમદાવાદ-ઈન્દોર હાઈવે પરથી ટ્રક ભરીને 2722 કિલો પોષડોડાની હેરાફેરી કરનારા રાજસ્થાનના બે શખ્સોને કપડવંજ કોર્ટે 14 વર્ષની સખત કેદ અને એક લાખના દંડની સજા ફટકારી છે. સત્તાધીશોના નાકની નીચે હજારો કિલો માદક દ્રવ્યો રાજ્યની સરહદો ઓળંગી જાય છે, જે સુરક્ષા વ્યવસ્થાની મોટી નિષ્ફળતા છે. નેતાઓ માત્ર ભાષણોમાં વ્યસ્ત છે, જ્યારે યુવાધનને નશાના માર્ગે ધકેલતા બુટલેગરો હાઈવે પર બેફામ બન્યા છે. કોર્ટના આ ચુકાદાએ ઊંઘતા તંત્રને અરીસો બતાવ્યો છે.

**રિપોર્ટ : કિરણકુમાર ગોહેલ. આંકલાવ**

## ગુંથલી પંચાયત ભ્રષ્ટાચાર: જાગૃત યુવાન પર સરપંચના પરિવારનો હુમલો

ગુંથલી ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારના પાપનો ઘડો હવે છલકાઈ રહ્યો છે. પંચાયતના સત્તાધીશો દ્વારા કરવામાં આવતા આર્થિક ગેરરીતિઓના કિસ્સાઓ જ્યારે ગામના જ એક જાગૃત યુવાને ઉઘાડા પાડ્યા, ત્યારે તેની કિંમત તેને લોહી વહાવીને ચૂકવવી પડી છે. સરપંચ પ્રતિનિધિ બળવંતભાઈ મંગળભાઈ અને તેમના પરિવારના સભ્યોએ મળીને આ યુવાન પર જીવલેણ હુમલો કર્યો અને જાહેરમાં અભદ્ર ગાળાગાળી કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.




આ ઘટના ગુંથલી પંચાયતમાં વ્યાપેલી અંધાધૂંધી અને સત્તાના બેફામ દુરુપયોગનું જીવંત ઉદાહરણ છે. ગ્રામસભા જેવી પવિત્ર જગ્યાએ પણ ભ્રષ્ટાચારના મુદ્દા ઉઠાવવા છતાં વહીવટી અધિકારીઓએ આંખ આડા કાન કર્યા, જે સ્પષ્ટ કરે છે કે ભ્રષ્ટાચારના તાર ઉપર સુધી જોડાયેલા છે. જો અધિકારીઓએ સમયસર તપાસ કરી હોત, તો આજે એક જાગૃત નાગરિક પર હુમલો ન થયો હોત. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા હુમલાના લાઈવ દ્રશ્યો ભ્રષ્ટ શાસકોની ક્રૂરતાની સાક્ષી પૂરે છે. હુમલો કર્યા બાદ પણ આ શાસકો અટક્યા નથી; હવે જાગૃત યુવાનોને ગામ છોડવા અથવા ચૂપ રહેવા માટે ધાકધમકી આપવામાં આવી રહી છે. સત્તાધારી પક્ષના જોરે ફૂલાઈ ગયેલા આ તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. ગુંથલીના ગ્રામજનોમાં રોષ છે કે શું પંચાયત માત્ર કમાણીનું સાધન બની ગઈ છે? અને શું સત્યનો અવાજ ઉઠાવનારને આવી જ સજા મળશે?

જોકે, પીડિત યુવાને હિંમત હાર્યા વગર પોલીસ તંત્ર પર ભરોસો વ્યક્ત કર્યો છે. પરંતુ જનતામાં એક જ ચર્ચા છે: શું પોલીસ આ પ્રભાવશાળી અને ભ્રષ્ટ નેતાઓ સામે ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલશે? કે પછી ભ્રષ્ટાચારની આ પોલ ખોલનાર યુવાનને ન્યાય મેળવવા માટે હજુ વધુ સંઘર્ષ કરવો પડશે? આ ઘટનાએ પંચાયતી રાજના આદર્શો પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## તંત્રી લેખ: રાજકારણના બે પડ વચ્ચે પિસાતો મધ્યમવર્ગીય પરિવાર

### પિસાતો મધ્યમ વર્ગ: રાજકીય શિકાર

ભારતીય લોકશાહીમાં ચૂંટણીઓ આવે છે અને જાય છે, સત્તાના સૂત્રો બદલાય છે, પરંતુ એક વર્ગ એવો છે જેની સ્થિતિ દાયકાઓથી યથાવત છે – તે છે 'મધ્યમ વર્ગ'. આજે મધ્યમવર્ગીય પરિવારની હાલત બે પથ્થરો વચ્ચે પિસાતા અનાજ જેવી થઈ ગઈ છે. રાજકારણમાં ગરીબો માટે 'મફત'ની યોજનાઓ (રેવડી કલ્ચર) છે અને અમીરો માટે ટેક્સમાં મોટી છૂટછાટ છે, પરંતુ જે વર્ગ પ્રામાણિકતાથી ટેક્સ ભરે છે, તે મધ્યમ વર્ગ માત્ર રાજકારણીઓના વોટબેંકના ગણિતમાં હોમાતો રહ્યો છે.

**મોંઘવારીનો માર અને ઉદાસીનતા** દેશના જીડીપી વધવાના ગુલાબી દાવાઓ વચ્ચે સામાન્ય પરિવારના રસોડાનું બજેટ વેરવિખેર થઈ ગયું છે. ખાદ્ય તેલ, ગેસ સિલિન્ડર અને શાકભાજીના ભાવ આસમાને છે. રાજકીય પક્ષો ચૂંટણી સમયે મોંઘવારી ઘટાડવાના વચનો તો આપે છે, પરંતુ સત્તા મળતા જ જનતાને નસીબ પર છોડી દેવાય છે. મધ્યમ વર્ગની સૌથી મોટી પીડા એ છે કે તે ગરીબી રેખા નીચે નથી એટલે તેને સરકારી સહાય મળતી નથી, અને તે એટલો ધનાઢ્ય પણ નથી કે તેને મોંઘવારીની અસર ન થાય.

**ટેક્સનું ભારણ અને સુવિધામાં શૂન્યતા** મધ્યમવર્ગીય માણસ પોતાની આવક પર ઈન્કમ ટેક્સ ભરે છે અને દરેક ખરીદી પર જીએસટી (GST) પણ ચૂકવે છે. આટલો ટેક્સ ભર્યા પછી પણ તેને શું મળે છે? ન તો સારી સરકારી હોસ્પિટલની સુવિધા, ન તો સસ્તી સરકારી શાળા. પરિણામે, તેને ખાનગી સંસ્થાઓની લૂંટનો શિકાર બનવું પડે છે. સરકારો મેગા પ્રોજેક્ટ્સ અને એક્સપ્રેસ-વે બનાવી વિકાસની વાતો કરે છે, પણ ત્યાં ચાલવા માટે પણ મધ્યમ વર્ગે ભારે 'ટોલ ટેક્સ' ચૂકવવો પડે છે.

**નિષ્કર્ષ** મધ્યમ વર્ગ હંમેશા 'સાઈલન્ટ મેજોરિટી' રહ્યો છે, જે રસ્તા પર ઉતરી આંદોલન કરતો નથી. તેની આ શિસ્ત જ તેના માટે શ્રાપ બની ગઈ છે. રાજકીય પક્ષો ગરીબ વોટબેંકને રીઝવવા મફતની લહાણી કરે છે, જેનો આર્થિક બોજ આડકતરી રીતે ટેક્સ ભરતા મધ્યમ વર્ગ પર જ આવે છે. જો આ મહેનતકશ વર્ગ આર્થિક રીતે ભાંગી પડશે, તો દેશની પ્રગતિ લાંબો સમય ટકી શકશે નહીં. શાસકોએ હવે કેમેરાની ચમક છોડીને મધ્યમ વર્ગના ખાલી થતા ખિસ્સા તરફ જોવાની જરૂર છે.

## સૌરાષ્ટ્રના સંત પરંપરામાં ખોટ: પરબ ધામના પૂજ્ય રવિદાસ બાપુ બ્રહ્મલીન

સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ જગ્યા પરબ ધામના કોઠારી સંત પૂજ્ય રવિદાસ બાપુ આજે સવારે 6:30 કલાકે દેવલોક પામ્યા છે. પૂજ્ય ગુરુ શ્રી સેવાદાસ બાપુના પરમ શિષ્ય રવિદાસ બાપુ લાંબા સમયથી પરબ ધામની સેવાકીય પ્રવૃત્તિઓ અને વ્યવસ્થા સંભાળતા હતા. તેમના બ્રહ્મલીન થવાના સમાચાર મળતા જ પરબ ધામ ખાતે ભક્તોના ટોળેટોળા ઉમટવા લાગ્યા છે.

બાપુના નિધનથી સંત સમાજમાં એક મોટી ખોટ પડી છે. સેવા, સાદગી અને સમર્પણનું પ્રતીક એવા રવિદાસ બાપુએ પરબ ધામના આંગણે આવતા હજારો શ્રદ્ધાળુઓની વર્ષો સુધી નિઃસ્વાર્થ ભાવે સેવા કરી હતી. આજે તેમની અંતિમ યાત્રા પરબ ધામ ખાતેથી પરંપરાગત રીતે નીકળશે. આ અંતિમ યાત્રામાં સૌરાષ્ટ્રના વિવિધ ધામોના સંતો અને હજારો સેવકો ઉપસ્થિત રહી બાપુને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. સમગ્ર પંથકમાં હાલ શોકનું મોજું ફરી વળ્યું છે.

**રિપોર્ટ : મનસુખ વાળા**



## જૂનાગઢ: થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે ૧૧ જાન્યુઆરીએ યોજાશે ભવ્ય બ્લડ કેમ્પ




જૂનાગઢના ઝાંઝરડા રોડ પર આવેલા શિવમ પાર્ટી પ્લોટમાં ૧૧ જાન્યુઆરીએ થેલેસેમિયા પીડિત બાળકોની સહાયાર્થે બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મનપા બાંધકામ સમિતિના ચેરમેન જયેશભાઈ બોઘરાના નેતૃત્વમાં અભય, ઓમ, ટાટા મોટર્સ અને ભગવતી ગ્રુપ દ્વારા આ સેવાયજ્ઞ ચલાવવામાં આવશે. આ કેમ્પમાં મહિલાઓ માટે રક્તદાનની અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે. 'રક્તદાન એ જ મહાદાન'ના મંત્ર સાથે વધુમાં વધુ યુવાનોને આ પુણ્યકાર્યમાં જોડાવા અને રજીસ્ટ્રેશન માટે મો. ૭૦૯૬૭૦૭૦૭૦ પર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. **રિપોર્ટ : આશિષ વસાવડા**

## ઓઢવમાં મોબાઈલ ચોરી કરનાર રીઢો તસ્કર 'છોત્તેર' ઝડપાયો




અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર રીઢા તસ્કરને ઝડપી લેવામાં સફળતા મળી છે. ઓઢવ ગુરુદ્વારા ચાર રસ્તા પાસેથી આકાશ ઉર્ફે છોત્તેર મહેશભાઈ શર્મા નામના શખ્સને ₹35,000ની કિંમતના બે મોંઘા મોબાઈલ ફોન સાથે પકડી પાડવામાં આવ્યો છે. પૂછપરછમાં તેણે ત્રણ મહિના અગાઉ તક્ષશિલા સ્કૂલ રોડ પરના એક મકાનમાંથી મોબાઈલ અને રોકડની ચોરી કર્યાની કબૂલાત કરી છે. પકડાયેલ આરોપીનો ભૂતકાળ પણ ગુનાહિત રહ્યો છે અને રામોલ તેમજ ઓઢવ પોલીસ સ્ટેશનમાં તેની સામે અગાઉ અનેક કેસો નોંધાયેલા છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## અમદાવાદ: સરખેજમાં 36.6 ગ્રામ મેફેડ્રોન સાથે મહેસાણાનો શખ્સ ગિરફ્તાર




અમદાવાદના સરખેજ વિસ્તારમાં નશાના સોદાગરો સામે લાલ આંખ કરવામાં આવી છે. સરખેજ ટી.પી. 85 રોડ પરથી મહેસાણાના સાહીદમહમદ ઉર્ફે ભૈયા નાગોરીને મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે દબોચી લેવાયો છે. પોલીસે આરોપી પાસેથી ₹1.09 લાખની કિંમતનું 36.6 ગ્રામ મેફેડ્રોન, એક્ટિવા અને મોબાઈલ સહિત કુલ ₹1.89 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે કે આરોપી મહેસાણાથી ડ્રગ્સ લાવી સરખેજ અને જુહાપુરાના ગ્રાહકોને છૂટક વેચાણ કરતો હતો. પોલીસે ડ્રગ્સના નેટવર્કને તોડવા વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચની મહિલા કો-ઓપરેટિવ બેંકની રાષ્ટ્રીય સ્તરે ઉડાન: દિલ્હીમાં પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત

ભરૂચ: દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ભરૂચની 'મહિલા કો-ઓપરેટિવ નાગરિક બેંક લિમિટેડ' એ ફરી એકવાર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. દેશની રાજધાની નવી દિલ્હી ખાતે યોજાયેલા એક ભવ્ય એવોર્ડ સમારોહમાં બેંકની ઉત્કૃષ્ટ બેન્કિંગ સેવાઓ અને સામાજિક જવાબદારીની કદર કરતા તેને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિએ ભરૂચ જિલ્લા અને ગુજરાતના સહકારી માળખાને રાષ્ટ્રીય સ્તરે સન્માન અપાવ્યું છે.

આ ગૌરવવંતો એવોર્ડ બેંકના ચેરપર્સન જાનકીબેન કેવલરામાણીએ સ્વીકાર્યો હતો. એવોર્ડ વિતરણ બાદ દિલ્હીની અગ્રણી મીડિયા ચેનલો દ્વારા જાનકીબેનનો વિશેષ ઇન્ટરવ્યૂ પણ લેવામાં આવ્યો હતો, જેમાં તેમણે બેંકની સફર અને મહિલાઓના આર્થિક વિકાસ વિશે ચર્ચા કરી હતી. મહિલા બેંક છેલ્લા 29 વર્ષથી અવિરતપણે ભરૂચ જિલ્લાની બહેનોને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે કાર્યરત છે. બેંકની સરળ લોન પ્રક્રિયા અને મહિલાલક્ષી યોજનાઓને કારણે અનેક સામાન્ય પરિવારોએ આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલ્યા છે.

બેંકની આ સફળતા પાછળ તેનું મજબૂત આર્થિક માળખું, પારદર્શક વ્યવહાર અને ગ્રાહકો સાથેનો સીધો સંવાદ મુખ્ય કારણો રહ્યા છે. ચેરપર્સન જાનકીબેને આ એવોર્ડને બેંકના તમામ સભાસદો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સમર્પિત સ્ટાફની મહેનતનું ફળ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "અમારો ધ્યેય હંમેશા મહિલાઓને આર્થિક રીતે મજબૂત કરવાનો રહ્યો છે અને આ એવોર્ડ અમારી એ પ્રતિબદ્ધતાને વધુ બળ પૂરું પાડે છે." આ રાષ્ટ્રીય સિદ્ધિના સમાચાર મળતા જ ભરૂચના સહકારી અને સામાજિક અગ્રણીઓ દ્વારા બેંક પરિવારને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં બેંક તેના ગ્રાહકો માટે વધુ અદ્યતન ટેકનોલોજી, ઓનલાઈન બેન્કિંગ સેવાઓ અને આકર્ષક લોન યોજનાઓ લાવવા માટે સજ્જ છે. આ એવોર્ડ ભરૂચની સહકારી ચળવળમાં એક નવો અધ્યાય ઉમેરશે તેમ માનવામાં આવી રહ્યું છે. **રિપોર્ટ : કેતન મહેતા ભરૂચ**




**ભરૂચની મહિલા કો-ઓપરેટિવ બેંકને દિલ્હીમાં રાષ્ટ્રીય એવોર્ડ એનાયત. ચેરપર્સન જાનકીબેન કેવલરામાણીનું સન્માન અને વિશેષ ઇન્ટરવ્યૂ.**

## ભરૂચની પોદાર જમ્બો કિડ્સ સ્કૂલમાં ક્રિસમસ પર્વની ભવ્ય ઉજવણી

ભરૂચ: શિક્ષણની સાથે સંસ્કાર અને ઉત્સવોની ઉજવણીમાં હંમેશા અગ્રેસર રહેતી ભરૂચની પોદાર જમ્બો કિડ્સ – કસક પ્રિ-સ્કૂલ ખાતે ક્રિસમસ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રહેતા બાળકોના જ્ઞાનવર્ધન માટેનો એક સુંદર પ્રયાસ બની રહ્યો હતો. સમગ્ર શાળા પરિસર ક્રિસમસના પરંપરાગત શણગાર અને રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું.

આ વર્ષે ક્રિસમસની ઉજવણીમાં "પાસપોર્ટ સાથે દેશોનો પ્રવાસ" જેવી નવતર પ્રવૃત્તિ રજૂ કરવામાં આવી હતી. જેના દ્વારા નાનકડા બાળકોને પાસપોર્ટના મહત્વ અને વિશ્વના વિવિધ દેશોની સંસ્કૃતિ વિશે પાયાનું જ્ઞાન રમત-ગમત દ્વારા આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ટેટૂ સ્ટેશન ખાતે બાળકોએ ઉત્સાહપૂર્વક ક્રિસમસ થીમ પર આધારિત ટેટૂઝ બનાવડાવ્યા હતા. મનોરંજન માટે વિવિધ રમતોનું આયોજન પણ કરાયું હતું, જેમાં વાલીઓએ પણ પોતાના સંતાનો સાથે જોડાઈને આનંદ વ્યક્ત કર્યો હતો.

ખાસ આકર્ષણ તરીકે 'મૂવી ટાઈમ'નું આયોજન હતું, જ્યાં સિનેમા જેવો માહોલ ઉભો કરી બાળકોને પોપકોર્ન સાથે શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી. ખાણી-પીણીના સ્ટોલ્સ પર બાળકોએ તેમની મનપસંદ વાનગીઓનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે શાળાના મુખ્ય શિક્ષિકા હિરલ પટેલે જણાવ્યું હતું કે, "પોદાર જમ્બો કિડ્સની



ફિલોસોફી હંમેશા બાળકોના સર્વાંગી વિકાસ અને 'આનંદમય શિક્ષણ' (Joyful Learning) પર કેન્દ્રિત રહી છે. આવા તહેવારોની ઉજવણીથી બાળકોમાં સાંસ્કૃતિક સમજ અને સામાજિક કૌશલ્યનો વિકાસ થાય છે." વાલીઓએ શાળાના શિક્ષકો અને સ્ટાફની સખત મહેનતને બિરદાવતા કહ્યું હતું કે, આવા આયોજનોથી બાળકોને નવું જાણવા મળે છે અને તેમનો આત્મવિશ્વાસ વધે છે. શાળા મેનેજમેન્ટ દ્વારા આ કાર્યક્રમને યાદગાર બનાવવા બદલ તમામ વાલીઓ, સહયોગીઓ અને સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. ક્રિસમસની આ ઉજવણી સાથે શાળામાં ઉત્સાહ અને ખુશીનું વાતાવરણ છવાઈ ગયું હતું.

## ભરૂચ: નબીપુરનો વોન્ટેડ આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો, તંત્રની પોલ ખુલી



ભરૂચ જિલ્લામાં દારૂબંધીનો કાયદો માત્ર સામાન્ય જનતા માટે જ હોય તેવું લાગે છે. નબીપુર પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા છ મહિનાથી ફરાર આરોપી સ્વપ્નિલ વસાવા આખરે મહારાષ્ટ્રના નંદુરબારથી પકડાયો છે. શાસક પક્ષના રાજમાં ગુનેગારો પાડોશી રાજ્યોમાં આશરો લઈ રહ્યા છે અને પોલીસ મહિનાઓ સુધી તેને શોધી શકતી નથી. શું આટલો સમય બુટલેગરોને કોઈ રાજકીય રક્ષણ મળી રહ્યું હતું? રાજ્યમાં દારૂની રેલમછેલ રોકવામાં નિષ્ફળ ગયેલું તંત્ર હવે માત્ર નાના પેડલરોને પકડીને સંતોષ માની રહ્યું છે. **રિપોર્ટ : કેતન મહેતા ભરૂચ**

## અંકલેશ્વરમાં હઝરત હલીમશાહ દાતારનો ઉર્સ આસ્થાભેર ઉજવાયો



અંકલેશ્વરના સુપ્રસિદ્ધ સૂફી સંત હઝરત હલીમશાહ દાતાર ભંડારી (રહ.) ના ઉર્સ મુબારકની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સજ્જાદા નશીન સૈયદ મનસુર અલી ઈનામદારના હસ્તે પવિત્ર ચાદરપોશી કરવામાં આવી હતી. શહેરમાંથી નીકળેલા ભવ્ય સંદલ જુલૂસનું ઠેર-ઠેર સ્વાગત કરાયું હતું. નાત-શરીફના પઠન સાથે દરગાહ શરીફ ખાતે સંદલ પેશ કરાયું અને દેશની ઉન્નતિ તથા ભાઈચારા માટે પ્રાર્થના કરવામાં આવી. ઉર્સના પગલે દરગાહ પરિસર રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું અને હજારો લોકોએ દર્શનનો લાભ લીધો હતો.

**રિપોર્ટ : કેતન મહેતા ભરૂચ**

## હાંસોટના સાહોલ પાસે લક્ઝરી બસનો અકસ્માત, ૧૬ પ્રવાસી સુરક્ષિત



ભરૂચના હાંસોટ તાલુકાના સાહોલ ગામ પાસે એક ખાનગી લક્ઝરી બસ માર્ગની સાઈડમાં ઉતરી જતાં અકસ્માતની ઘટના બની હતી. આ બસ સૌરાષ્ટ્રના સાવરકુંડલાથી મુસાફરોને લઈને સુરત તરફ જઈ રહી હતી. કીમ નદી પરના બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ હોવાથી ચાલક બસ પરત વાળી રહ્યો હતો, ત્યારે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. સદનસીબે બસમાં સવાર ૧૬ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો છે. સ્થાનિક લોકો અને હાંસોટ પોલીસે સ્થળ પર પહોંચી મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા અને ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો.

**રિપોર્ટ : કેતન મહેતા ભરૂચ**

## વલસાડ: કપરાડામાં ધાડનો વોન્ટેડ ગુનેગાર ઝડપાયો, સિસ્ટમ નિષ્ફળ?



વલસાડના કપરાડામાં ગુનેગારોને જાણે કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ ધાડ જેવા ગંભીર ગુનાનો આરોપી ઈશ્વર ભોયા લાંબા સમયથી પોલીસને હંફાવી રહ્યો હતો. રાજકીય નેતાઓની રહેમનજર હેઠળ આવા તત્વો પાંગરતા હોય છે તેવો ઘાટ સર્જાયો છે. એલસીબીએ બાતમીના આધારે આ વોન્ટેડ આરોપીને ઝડપ્યો છે, પરંતુ સવાલ એ છે કે સ્થાનિક તંત્રના નાકની નીચે આટલો સમય ગુનેગાર છુપાઈ કેવી રીતે રહ્યો? શું આ ગુનેગારને કોઈનું રક્ષણ હતું? કથળતી જતી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સામાન્ય નાગરિકો હવે ભગવાન ભરોસે છે.

**રિપોર્ટ : કેતન મહેતા ભરૂચ**